આજનો સુવિચાર
લોકોની ટીકાથી તમારો માર્ગ બદલતા નહીં કારણ કે, સફળતા શરમ થી નહીં સાહસથી જ મળે છે !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૯૬ જૂનાગઢ તા.૩૧-૦૭-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 196, Junagadh : Date : 31 July, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## વાયનાડ ભૂસ્ખલન દુર્ઘટનામાં મૃત્યુઆંક ૧૫૮ : ચારે તરફ ભયાનક તબાહીના દ્રશ્યો

### હજુ ૨૨૦ વ્યક્તિ લાપતા : મૃત્યુઆંક સતત વધી રહ્યો છે : અતિભારે વરસાદને કારણે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીનો વાયનાડ પ્રવાસ રદ



વાયનાડ,તા.૩૧ કેરળના વાયનાડમાં ભયાનક ભૂસ્ખલનમાં અનેક ગામડા સાફ થઈ ગયા છે અને મૃત્યુઆંક ૧૫૮ પર પહોંચ્યો છે. ભારે વરસાદ વચ્ચે હજુ વધુ ભૂસ્ખલનની ચેતવણી આપવામાં આવી છે. બે દિવસના 'રાજય વ્યાપી ક્ષશોક' વચ્ચે શાળા-કોલેજો બંધ રાખવામાં આવ્યા છે.

કેરળમાં મેઘરાજાનો કહેર હોય તેમ રાજયના ૧૨ જીલ્લાઓમાં ભારે વરસાદનો દોર ચાલુ રહ્યો હતો. વધુ વરસાદની ચેતવણી વચ્ચે શાળા-કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી હતી.

ભારે વરસાદથી વાયનાડમાં સર્જાયેલા ભયંકર ભૂસ્ખલનથી અસરગ્રસ્ત ભાગોમાં સર્વત્ર તારાજીના દ્રશ્યો નજરે ચડી રહ્યાં છે. મૃત્યુઆંક સતત વધી રહેવા સામે હજુ સેંકડો લોકો લાપતા હોવાની આશંકા છે.

સૈન્યની મદદથી બચાવકાર્ય ચાલુ હોવા છતાં વરસાદી કહેરને કારણે તેમાં અવરોધ સર્જાય રહ્યો છે. રાજય સરકારે તબીબોની ખાસ ટીમો પણ તૈયાર કરી છે અને રાહત છાવણીઓ પણ શરૂ કરવામાં આવી છે.

વાયનાડના ચુરલપાલા, વેલારીપારા, મુંડકાપિલ તથા પોથુકલુ ક્ષેત્રો સૌથી વધુ પ્રભાવિત રહ્યા છે. લાપતા લોકોની સંખ્યા ૯૮ની ગણાવવામાં આવી રહી હોવા છતાં આંકડો વધુ હોવાની આશંકા છે. કાટમાળમાં ફસાયેલા લોકોને બહાર કાઢવાને જ પ્રાથમીકતા આપવામાં આવી રહી છે.

આર્મી, એરફોર્સ, SDRF અને NDRFની ટીમ અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ કાર્યમાં લાગેલી છે. મોડી રાત સુધીમાં ૧ હજાર લોકોને કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. રાત્રે બચાવકાર્ય અટકાવી દેવામાં આવ્યું હતું, જે સવારે ફરી શરૂ કરવામાં આવ્યું હતું.

મંગળવારે ૨૨૫ આર્મી જવાનોને કશુરથી વાયનાડ મોકલવામાં આવ્યા હતા. બચાવ માટે એરફોર્સના બે હેલિકોપ્ટર પણ મોકલવામાં આવ્યા હતા, પરંતુ વરસાદના કારણે તેમને કોઝિકોડ પરત ફરવું પડ્યું હતું. સતત વરસાદના કારણે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીએ તેમનો વાયનાડ પ્રવાસ રદ કર્યો છે. તેઓ બુધવારે અહીં પીડિતોને મળવા જઈ રહ્યા હતા.

## ગુજરાતમાં છેલ્લા ૪ વર્ષમાં ત્રણ લાખથી વધુ જીએસટી રજીસ્ટ્રેશન રદ

અમદાવાદ, તા. ૩૧

ગેરમાન્ય બેંક એકાઉન્ટ, કાયદાનું યોગ્ય રીતે પાલન નહીં કરવું જેવા વિવિધ કારણોસર ગુજરાતમાંથી નવા નાણાકીય વર્ષમાં જૂન સુધીમાં જ ૫૦,૦૦૦થી વધુના જીએસટી રજીસ્ટ્રેશન રદ થયાનું સામે આવ્યું છે. વ્યવસાયને તાળા લાગવા, પ્રોપરાઈટરનું અવસાન થવું, રીટર્ન ભરવામાં નિષ્ફળતા, મર્જર થવું, બિઝનેસના બંધારણમાં ફેરફાર કરવો, છેતરપિંડી કરવા માટે રજીસ્ટ્રેશન મેળવવું, માહિતી છુપાવવી જેવા વિવિધ કારણોસર જીએસટી રજીસ્ટ્રેશન કેન્સલ કરવામાં આવતું હોય છે. આ પ્રકારના વિવિધ કારણો સાથે ગુજરાતમાં ૨૦૨૪-૨૫માં જૂન સુધી કુલ ૫૦,૨૯૮ એકમ-વેપારીના જીએસટી રજીસ્ટ્રેશન કેન્સલ કરાયા છે. નવા નાણાકીય વર્ષમાં એટલે કે એપ્રિલથી જૂન સુધી સૌથી વધુ જીએસટી રજીસ્ટ્રેશન કેન્સલ થયા હોય તેમાં ઉત્તર પ્રદેશ ૯૩૩૦૫ સાથે મોખરે છે, મહારાષ્ટ્ર ૫૬૯૧૯ સાથે બીજા જ્યારે ગુજરાત ત્રીજા સ્થાને છે.

## ઓગષ્ટમાં સળંગ પાંચ દિવસની રજા : હોટલના ભાડા-એર ટિકિટમાં તિવ્ર વધારો

નવી દિલ્હી,તા. ૩૧:

ઓગસ્ટમાં સ્વતંત્રતા દિવસથી લઈને રક્ષાબંધન વચ્ચે સળંગ પાંચ દિવસની રજા ગોઠવતી હોય આ લોંગ વિકએન્ડમાં અનેક લોકોએ ફરવા જવાના પ્લાનિંગ કર્યા છે. પરંતુ ફરવા જનારાઓ માટે આ રજા મોંઘી પડી શકે છે. લોંગ વીકએન્ડના કારણે બુકિંગ વધુ હોવાથી હોટેલ્સ અને રીસોર્ટ્સના ભાડામાં ૨૫-૩૦ઉપ્રુનો વધારો થયો છે. આ ઉપરાંત ગોવા, જયપુર, દિલ્હી સહિતના ટુરિસ્ટ ડેસ્ટીનેશન કે તેમની નજીકના લોકેશન માટેના વિમાની ભાડામાં પણ ૫૦-૧૦૦ ટકા જેવો વધારો થયો છે. ટુર ઓપરેટર્સ અને ટુર પ્લાનર્સના જણાવ્યા પ્રમાણે, આ રીતે લાંબી રજા આવે ત્યારે ગુજરાતમાંથી ફરવા જવાનો ટ્રેન્ડ વર્ષોવર્ષ વધી રહ્યો છે. આ વખતે પણ બુકિંગ સારા થયા છે અને હજુ પણ લોકો ૩થી પાંચ દિવસ માટેના બુકિંગ કરે છે. રાજસ્થાનમાં ઉદેપુર, કુમ્ભલગઢ, માઉન્ટ આબુ, જેવા સ્થળો વધારે ફેવરીટ છે.

## હમાસના વડા ઈસ્માઈલ હાનીયાની ઈઝરાયલે તહેરાનમાં હત્યા કરી નાખી : યુધ્ધ વધુ ભડકશે

### હમાસે બદલો લેવાની ધમકી આપી : ઉત્તર ઈઝરાયલમાં તાત્કાલીક અસરથી નો-ફલાઈંગ ઝોન જાહેર : ઈરાનના સત્તાધિશોએ કટોકટીની બેઠક બોલાવી

તહેરાન/નવી દિલ્હી તા. ૩૧ : ઈઝરાયેલ-હમાસ યુદ્ધ વચ્ચે મોટા સમાચાર સામે આવ્યા છે. ઈઝરાયેલે તેના દુશ્મન હમાસ પાસેથી ૭ ઓક્ટોબરના હુમલાનો બદલો લીધો છે. બેન્જામિન નેતન્યાહુની ઈઝરાયેલ સેનાએ હમાસ ચીફ ઈસ્માઈલ હાનિયાની હત્યા કરી નાખી છે. જણાવવામાં આવી રહ્યું છે કે ઈસ્માઈલ હાનિયાનું ઈરાનની રાજધાની તેહરાનમાં નિધન થયું છે. ઈઝરાયેલે ઈરાનની રાજધાની તેહરાનમાં હુમલો કરીને હમાસ ચીફ ઈસ્માઈલ હાનિયાની હત્યા કેવી રીતે કરવામાં આવી તે અંગેની વિગતો બહાર આવી નથી.

ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે આજે સવારે જાહેરાત કરી હતી કે હમાસના વડા ઈસ્માઈલ હાનિયા અને તેમના એક અંગરક્ષક તેહરાનમાં તેમના નિવાસસ્થાન પર થયેલા હુમલામાં માર્યા ગયા હતા. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે હુમલાની તપાસ કરવામાં આવી રહી છે અને પરિણામ પછીથી જાહેર કરવામાં આવશે. હમાસ ચીફ ઈરાનના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશકિયનના શપથ ગ્રહણ સમારોહમાં સામેલ થવા માટે તેહરાનમાં ઉપસ્થિત હતા.

હમાસ ચીફ ઈસ્માઈલ હાનિયાની હત્યા ઈઝરાયેલ માટે મોટી સફળતા છે. ૭ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ હમાસે ઈઝરાયેલને મોટો ઘા આપ્યો હતો. તે જ દિવસે, હમાસે મિસાઈલો અને રોકેટ વડે ઈઝરાયેલ પર મોટો હુમલો કર્યો, જેમાં ડઝનેક ઈઝરાયેલીઓ માર્યા ગયા. આ પછી જ ઈઝરાયેલે યુદ્ધની જાહેરાત કરી હતી. ત્યારથી ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. ઈઝરાયેલે હમાસ ચીફની હત્યા કરી બદલો લીધો છે.

દરમ્યાનમાં આ લખાઈ રહ્યુ છે ત્યારે પ્રાપ્ત અહેવાલો મુજબ



ઈસ્માઈલ હાનીયાની હત્યાને પગલે મધ્યપૂર્વમાં સ્થિતિ સ્ફોટક બની ગઈ છે અને યુધ્ધની જવાળા વધુ ભડકવાના સંકેતો મળી રહ્યા છે. હમાસે ધમકી આપી છે કે, ઈસ્માઈલ હાનીયેની હત્યાનો બદલો લેવામાં આવશે. બીજી તરફ ઈઝરાયલે પણ સાવચેતીના પગલા રૂપે ઉત્તર ઈઝરાયલમાં તાત્કાલીક અસરથી નો-ફલાઈ ઝોન જાહેર કર્યો છે. તે જ વખતે ઈરાનના ટોચના સત્તાધિશોએ તાત્કાલીક અસરથી કટોકટીની બેઠક બોલાવી છે. જેમાં કોઈ મોટો નિર્ણય કરવામાં આવી શકે છે.

## ફયુચર એન્ડ ઓપ્શન સેગમેન્ટમાં દર વર્ષે રૂા.૬૦,૦૦૦ કરોડનું નુકશાન : સેબી ચીફનો ધડાકો

મુંબઈ તા. ૩૧: શેરબજારમાં ફયુચર ટ્રેડિંગમાં રોકાણકારોને થતા નુકસાને નિયમનકારો અને સરકારની ચિંતા વધારી દીધી છે. સેબીના ચેરપર્સન માધબી પુરી બૂચે જણાવ્યું હતું કે દેશના પરિવારો F&O સેગમેન્ટમાં વાર્ષિક રૂ. ૬૦,૦૦૦ કરોડ સુધીનું નુકસાન કરી રહ્યા છે. સેબી ચીફે આશ્ચર્ય વ્યકત કર્યુ અને





કહ્યું કે, શા માટે આવા સોદાને ડેરિવેટિવ્ઝ માર્કેટમાં મોટો વ્યાપક મુદ્દો કેમ ન ગણવો ?

નેશનલ સ્ટોક એક્સચેન્જ ખાતે એક કાર્યક્રમને સંબોધતા સેબીના અધ્યક્ષે કહ્યું કે રોકાણકારોને ફયુચર્સ અને ઓપ્શન્સમાં વાર્ષિક રૂ. ૫૦,૦૦૦ થી રૂ. ૬૦,૦૦૦ કરોડનું નુકસાન થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે, આ નાણાંનો ઉપયોગ આઈપીઓ અથવા મ્યુચ્યુઅલ ફંડ્સ જેવા ઉત્પાદક સ્થળોમાં રોકાણ કરીને કરી શકાયો હોત.

## દેશભરમાં કુતરાઓનો આતંક : ૧ વર્ષમાં 30 લાખ લોકોને કુતરા કરડયા : ૨૮૬ના મોત થયા

નવી દિલ્હી, તા.૩૧:

દેશભરમાં ૨૦૨૩ દરમિયાન કૂતરાના કરડવાના લગભગ ૩૦.૫ લાખ કેસ નોંધાયા હતા, જેના કારણે ૨૮૬ લોકોના મોત થયા હતા, સરકારે મંગળવારે સંસદમાં જણાવ્યું હતું. મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી રાજીવ રંજન સિંહ ઉર્ફે લલન સિંહે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં જણાવ્યું હતું કે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા લાગુ કરવામાં આવેલા સંકલિત રોગ સર્વેલન્સ પ્રોગ્રામ




(આઈડીએસપી) માં પ્રાપ્ત ડેટા મુજબ, ૨૦૨૩ દરમિયાન કૂતરા કરડવાના કેસોની સંખ્યા કુલ ૩૦,૪૩,૩૩૯ કેસ નોંધાયા હતા. આ સમયગાળા દરમિયાન કૂતરા કરડવાથી ૨૮૬ લોકોના મોત થયા છે.

## રાજકીય પક્ષોને અપાતા દાન પર ટેકસ છુટનો લાભ હોવાથી સરકારી તિજોરીને રૂા.૪૦૦૦ કરોડનો ધૂંબો

નવી દિલ્હી, તા.૩૧:

રાજકારણીઓને દાન, ઉદ્યોગપતિઓને ધંધો અને જનતાને એટલે કે સરકારની તિજોરીને નુકસાન. કંપનીઓ અને અન્ય કરદાતાઓ દ્વારા રાજકીય પક્ષોને દાન પર કર રાહતનો નિયમ સમાન વાર્તા કહે છે. ૨૦૨૨-૨૩માં રાજકીય પક્ષોને આપવામાં આવેલા દાન પર ટેક્સ છૂટને કારણે કેન્દ્ર સરકારને ૩૯૬૭.૫૪ કરોડ રૂપિયાનું નુકસાન વેઠવું પડ્યું હતું. આવકવેરામાં મુક્તિનો આ નિયમ ભલે સરકારે બનાવ્યો હોય પરંતુ



વાસ્તવમાં તેનાથી જનતાની તિજોરીને નુકસાન થઈ રહ્યું છે. આ રકમથી વિકાસના અનેક કામો થઈ શકશે. કોર્પોરેટ કંપનીઓ ઉપરાંત, કર મુક્તિના લાભાર્થીઓમાં ફર્મ, એચયુએફ (હિંદુ અવિભાજિત કુટુંબ) અને વ્યકતિગત કરદાતાઓનો સમાવેશ થાય છે.


સત્તાવાર માહિતી અનુસાર, કેન્દ્ર સરકારે દાન પર છૂટ આપીને છેલ્લા ૯ વર્ષમાં રાજકીય પક્ષોને લગભગ ૧૨૨૭૦ કરોડ રૂપિયાની ટેક્સ છૂટ આપી છે. વર્ષ ૨૦૧૪-૧૫માં આ રકમ માત્ર ૧૭૦ કરોડ રૂપિયા હતી, જે ૨૦૨૨-૨૩ સુધીમાં લગભગ ૪૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે.


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
એક શુભેચ્છક

પ્લોટ વેચવાના છે
RSP No.77. ચોબારી
વૃજભુષન-૧,
પ્લોટ નં.૧૧,૧૨,૧૩ કુલ ચો.મી. ૩૩૬
મો. ૯૯૯૮૯ ૮૭૦૧૦
સાઈટ જોવા માટે મો. નં. ૯૯૦૯૬ ૯૧૦૩૩
રવિવારે ૯ થી ૧૦ સુધીમાં

:: વેચવાનો છે ::
ઝાંઝરડા રોડ નજીક,
ઝાંઝરડા રોડ ટચ ૨૫૦૦ + ૨૭૦૦ સ્કવેર ફુટ, બીજો માળ આખો,
હોસ્પિટલ તથા શો-રૂમને લાયક,
ફુલ્લી પાર્કિંગ તથા
BU સર્ટીફીકેટ સાથે વેચવાનો છે.
(દલાલભાઈઓ આવકાર્ય)
Mo.99783 02386

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત.. ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તાત્કાલિક માણસો જોઈએ છે..
ધોરણ ૧૨ પાસ કોમ્પ્યુટરનાં જાણકાર
અંગ્રેજી આવડતું હોવું જોઈએ...
દુબઈ - કુવૈત - માલદીવ
સાઉદી - માલ્ટા - મોરેશ્યસ
● કારપેન્ટર ● ઈલેકટ્રીશ્યન
● પ્લમ્બર ● ઓફિસબોય
● હાઉસબોય ● ખેતીવાડી
વગેરે....
તાત્કાલીક માણસો જોઈએ છે (ઉંમર ૨૨ થી ૩૨ વર્ષ)
વિઝા - ટીકીટ આવે પછી પેમેન્ટ
100% Work Visa
પાસપોર્ટ ધરાવતા વ્યક્તિ સંપર્ક કરે.
જૂનાગઢ : 63549 69729

જૂનાગઢમાં શો-રૂમ આપવાનો છે
શહેરના વિકસીત ઝાંઝરડા રોડ પર આવેલ
SKYLITE લાઈટીંગ શો-રૂમ
૧૫ વર્ષ જુનો ચાલુ ધંધો
સ્ટોક અને ગુડવીલ સાથે આપવાનો છે
રસ ધરાવતી પાર્ટીએ સંપર્ક કરવો.
(દલાલ ભાઈઓ આવકાર્ય)
Contact : 88490 72879

ડૉ.સુબા

● સ્નાયુ ● ઓર્થોપેડીક દુઃખાવા
● સાઇટીકા ● સાંધા ના વા
● ચીકન ગુનીયા ● કમર
● ગરદન/નસ/રગ
● ગોઠણ/ખભા/મણકા
● ગાદી/હાથ/પગ/ ચહેરાના લકવા માટે
॥ આદિત્ય ॥ કિલનીક
સવારે ૧૦ થી સાંજે ૮
MRI / ઓપરેશન
કરાવતા પહેલા ૨૦૧૦ થી અસંખ્ય દર્દીઓને મળેલ પરિણામના અભિપ્રાય ક્લિનીક પર રૂબરૂ વાંચીને ખાતરી કરો
જયશ્રી ફાટક પાસે, પોલીસ હેડક્વાટર સામે, જયશ્રી રોડ, જુનાગઢ ફોન : 0285-2621555, મો. 9429455525

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો


# માણાવદર શહેરમાં આશરે ૭૦ ઈંચ વરસાદ પછી પણ ૬ દિવસે પીવાના પાણી વિતરણથી જનતા ત્રાહિમામ



(ગીરીશ પટેલ દ્વારા)

માણાવદર તા.૩૧

માણાવદર શહેરમાં આશરે ૭૦ ઈંચ જેટલો વરસાદ પડી ચુકયો છે. બાંટવાથી સણોસરાની હદ બહાર સુધી ડેમો છલોછલ બેફામ પાણી ભરેલા છે. અનેક ડેમો હજી ઓવરફલો થઈ રહયા છે. ત્યારે માણાવદર પાલીકાના વહીવટદારો કે તંત્ર શુધ્ધ પીવાના પાણી ૬-૬ દિ'એ કેમ પ્રજાજનો મળે છે ? તેથી ૩૫ હજારની જનતા ત્રાહીમામ છે. કોના પાપે પાણી મળતુ નથી તે ચર્ચા પ્રજાજનો કરી રહયા છે. કરોડો ગેલન પાણી વહી ગયું પરંતુ અતિભારે વરસાદના પગલે હાલ બોર, કુવા કાંઠે પાણી દેખાય તેટલા તળ છલોછલ ભરાયેલા છે પરંતુ વહીવટદારો અને તંત્ર શું ભાજપના ધારાસભ્ય અને ભાજપ સરકારને બદનામ કરવા માંગે છે કે જનતાને ? પાણી ના મળે તો જનતા ગાળો ભાજપ નેતા અને સરકારને આપે ? છેલ્લા એક મહિનાથી પાણીના તળ ચઢી ગયા છે ત્યારે અત્યાર સુધી દરરોજ નહી તો બે થી ત્રણ દિવસે પાણી મળી શકે તેમ છે તે સ્પષ્ટ જ છે કે ૩૫ હજારની જનતાને ત્રાસ આપી ભાજપ સરકારને કેમ નુકશાન થાય તેવું કોણ કરવા માંગે છે. જો તેવું ન કરવા માંગતા હોય તો દરરોજ કે બે-ત્રણ દિવસે પીવાના પાણી, કુવાના બોરમાં છલોછલ હોવા છતાં પાણી કેમ આપતા નથી ? તેવી ખુલ્લેઆમ ચર્ચા આમ જનતામાં થઈ રહી છે. પાલીકાના ભંગારમાં મલાઈ ખાવી હોય તો રાતોરાત બધુ થઈ જાય છે પરંતુ જનતાના પ્રશ્નો પ્રત્યે માત્ર દેખાડા કરતા હોવાની આમ જનતામાં ચર્ચા થઈ રહી છે.

વેરો ૩૬૫ દિવસનો પીવાનું પાણી મહિનામાં ૫ જ દિવસ કેમ ? પહેલા બહાનું હતું કે, પાણી નથી પરંતુ અત્યારે ૧૦-૧૦ કિમીમાં ભરચક ડેમો છે, બોર-કુવા બેફામ ભરાયેલા છે, ટાંકા છે બધુ છતાં કોની નીતીમાં ખોટ છે તેવી ચર્ચા આમ જનતામાં થઈ રહી છે. અપુરતા પીવાના પાણીથી ૩૫ હજારની જનતા ભાજપને મતો આપી પસ્તાય રહી છે તેમ ચર્ચા જનતા કરી રહી છે. સતા તમારી, વિસ્તાર તમારો, મતદાર તમારા તો ભાજપ સરકાર પીવાના પાણી આપવામાં વહીવટદારોને શું વાંધો છે કે હવે મોટરો બળી ગઈ તેવા બહાના મળશે ?

# અમદાવાદ અને ઓખા વચ્ચે દોડશે "જન્માષ્ટમી સ્પેશિયલ ટ્રેન"

અમદાવાદ, તા.૩૧

પશ્ચિમ રેલવે દ્વારા જન્માષ્ટમી તહેવારને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને ઓખા વચ્ચે જન્માષ્ટમી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પશ્ચિમ રેલવે વિભાગ દ્વારા આપેલ માહિતી અનુસાર ટ્રેન નંબર ૦૯૪૫૩/૦૯૪૫૪ અમદાવાદ-ઓખા સુપરફાસ્ટ સ્પેશિયલ કુલ ૨ ટ્રિપમાં દોડશે. જેમાં ટ્રેન નંબર ૦૯૪૫૩ અમદાવાદ-ઓખા સ્પેશિયલ ૨૫ ઓગસ્ટ, ૨૦૨૪ રવિવારના રોજ અમદાવાદથી સવારે ૦૭:૪૫ કલાકે ઉપડશે તથા એ જ દિવસે સાંજે ૫:૦૦ કલાકે ઓખા પહોંચશે.

બુકિંગ કેવી રીતે કરશો : જન્માષ્ટમી સ્પેશિયલ ટ્રેન નંબર ૦૯૪૫૩/૦૯૪૫૪ માટે બુકિંગ તારીખ ૩૧ જુલાઈ, ૨૦૨૪ થી તમામ **PRS** કાઉન્ટરો અને **of IRCTC** વેબસાઈટ પર શરૂ થશે.

# જૂનાગઢમાં રાજગોર બ્રાહ્મણ યુવક મંડળ દ્વારા રક્ષાબંધન બળેવના રોજ સમુહ ભોજન

## શહેરના ૬૦૦થી વધુ પરિવારો એક સાથે ભોજન પ્રસાદ લેશે : આયોજન અંગે તડામાર તૈયારી



જૂનાગઢ તા.૩૧

આગામી તા.૧૯ને સોમવારના રોજ રક્ષાબંધન બળેવ પર્વ હોય જેની ઉજવણીના ભાગરૂપે રાજગોર બ્રાહ્મણ યુવક મંડળ દ્વારા પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ રાજગોર બ્રાહ્મણ વિદ્યાર્થી ભુવન ગાંધીગ્રામ ખાતે બપોરે ૧૨ કલાકે સમુહ ભોજનનું આયોજન કરાયું છે. જેમાં શહેરમાં વસતા રાજગોર સમાજના ૬૦૦થી વધુ પરીવારો એક સાથે ભોજન પ્રસાદ લેશે.

આ અસંગની તૈયારી માટે રાજગોર યુવક મંડળ તથા જ્ઞાતિજનોની એક મીટીંગ બોર્ડીંગ ખાતે મળેલ જેમાં યુવક મંડળના મોભી અશોકભાઈ પંડયા, એડવોકેટ શશીકાન્તભાઈ બોરીચાંગર, ચંદુભાઈ તેરૈયા, ચેતનભાઈ દવે, પરેશ ભરાડ, દેવેન્દ્ર શીલુ, અલ્પેશ જોષી, ભાવેશ બોરીસાગર, જીત તેરૈયા, વિમલ વિકમા સહિતના ઉપસ્થિત રહી અને ચર્ચા વિચારણા કરી અને આગામી દિવસોમાં બધા પરિવારોને વોટસએપ અને મોબાઈલ મારફત કાર્યક્રમ અંગે જાણ કરવામાં આવશે તેવી જવાબદારીઓ નકકી કરવામાં આવેલ અને ભોજન અંગે મેનું પણ નકકી કરવામાં આવેલ અને અત્યારથી મીટીંગોનો દોર શરૂ કરાયો છે.

# ૬ વર્ષ પહેલા કોડીનારના આણંદપુર ગામના છેડતી કરવાના કેસમાં સજા કરતી કોડીનાર કોર્ટ

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૩૧

છ વર્ષ પૂર્વે તા.૨૪-૧-૨૦૧૮ના રોજ કોડીનાર તાલુકાના આણંદપુર ગામની એક મહિલા કોડીનાર કપડાની ખરીદી કરવા આણંદપુરથી ચાલીને જતા હતા. તે વખતે બપોરના બારેક વાગ્યે પેઢાવાડા ગામથી અડધો કીલોમીટર દુર પહોંચેલ તે સમયે કમલેશભાઈ બાલુભાઈ મકવાણા રહે.પેઢાવાડા વાળા એ પીછો કરેલ અને મહિલાને પેઢાવાડા ગામે દલીત વાસના વળાંકમાં મહિલાની લાજ લેવાના ઈરાદે હાથ પકડી ચુંદડી ખેચતા મહિલાએ તેનો પ્રતિકાર કરતા આરોપીએ મહિલાને ગાળો આપેલી જે અંગેની મહિલાએ કોડીનાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી જે કેસ કોડીનાર જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ એચ.એમ.પરમાર ની કોર્ટમાં ચાલી જતા સરકાર તરફે સરકારી વકિલ એસ.બી. મલેકએ ૧૨ જેટલા સાહેદો તેમજ પાંચેક જેટલા દસ્તાવેજી પુરાવા રજુ કરતા ધારાશાસ્ત્રીની ધારદાર દલીલો ગ્રાહય રાખી જજ એચ.એમ. પરમાએ આરોપી કમલેશભાઈ બાલુભાઈ મકવાણાને ઈ.પી.કો.કલમ ૩૫૪ એના ગુન્હામાં તકસીરવાન ઠરાવી એક વર્ષની સખત કેદની સજા અને રૂપીયા એક હજારનો દંડનો હુકમ કરતાં આ ચુકાદાથી આવારા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

# દેવભૂમિ દ્વારકાના બે પોલીસ અધિકારીઓને ડી.જી.પી.ના હસ્તે સન્માનિત કરાયા




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૧

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા નિષ્ઠાવાન પી.આઈ. ગોહિલ તેમજ એ.એસ.આઈ. હરીશભાઈને ગાંધીનગર ખાતે યોજાયેલા ખાસ સમારોહમાં ડી.જી.પી. દ્વારા એવોર્ડ એનાયત કરાયો હતો. દેવભૂમિ દ્વારકા જિલ્લા સહિત રાજ્યમાં વર્ષ ૨૦૨૩ દરમ્યાન પોલીસ અધિકારીઓ, સ્ટાફ દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ તાજેતરમાં ગાંધીનગરમાં પોલીસ એકેડેમી ખાતે ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એલ.સી.બી. વિભાગમાં પી.આઈ. તરીકે નોંધપાત્ર કામગીરી કરી રહેલા કે.કે.ગોહિલ અને એ.એસ.આઈ. હરીશભાઈ મુળુભાઈ ગાજરોતરની સર્વશ્રેષ્ઠ કામગીરી બદલ રાજયના પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીના હસ્તે ડીજીપી'સ કોમોન્ડેશન ડિસ્ક(**DGP's Commendation Disk**) ના એવોર્ડ વિતરણ કાર્યક્રમમાં ગઈકાલે મંગળવારે ગાંધીનગરમાં પોલીસ અકાદમી ખાતેના અલંકરણ સમારોહ - ૨૦૨૩ માં તેઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. એલ.સી.બી. પી.આઈ. કે.કે. ગોહિલ તથા એ.એસ.આઈ. હરીશભાઈ ગાજરોતરને જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય સહિતના પોલીસ સ્ટાફ દ્વારા આ સિધ્ધિ બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# જામ રાવલ નજીકના માર્ગો પર પાણી ફરી વળતા વાહન વ્યવહાર પ્રભાવિત




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૧

કલ્યાણપુર તાલુકામાં આ વર્ષે ભારે વરસાદ વરસ્યો છે. જેમાં ખાસ કરીને રાવલ વિસ્તારમાં પડેલા નોંધપાત્ર વરસાદથી ઠેર-ઠેર તારાજીના દ્રશ્યો જોવા મળ્યા હતા. જામ રાવલ ગામ નજીક ગામને જોડતા મુખ્ય માર્ગ ઉપર પાણી ફરી વળ્યા હતા. આ વચ્ચે તાલુકામાં મુશળધાર વરસાદના કારણે સાની ડેમમાં પાણીની આવક અવિરત રીતે ચાલુ રહેતા રાવલ-કલ્યાણપુર વચ્ચેના રસ્તા ઉપર ગોઠણબુડ પાણી જોવા મળ્યા હતા. તાલુકાના પાનેલી-કલ્યાણપુર-સૂર્યાવદર ગામે ઉપરવાસના વિસ્તારોમાં વરસાદી પાણીની વિપુલ આવક સાની ડેમમાં ચાલુ હોવાથી હાલ ખાલી રાખવામાં આવેલા સાની ડેમના પાણીનો પ્રવાહ સતત વધતો જોવા મળ્યો હતો. જે સૂર્યાવદર પાસેના પુલ ઉપરથી વહેતા પાણીથી અવર-જવર ઉપરના માર્ગ ઉપર પૂર જેવા પાણી વહેતા હોવાથી આ વિસ્તારમાં અવરજવર માટે લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

# દ્વારકા પાસે ટ્રેનની હડફેટે આવી જતા ૪ ગાયના મોત : ત્રણને ઈજા





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૩૧

દ્વારકા રેલવેના પુલિયા ઉપર ટ્રેનની હડફેટ આવી જતા ચાર ગૌ મૃત્યું થયા છે. તેમજ ત્રણ ગૌ માતાને ઈર્જા થતા ત્રણેય ગૌ માતાને દ્વારકાની સુરભી માધવ ગૌશાળા ના સંચાલત હાર્દીકભાઈની ટીમે એ રેસ્ક્યુ કરી સારવાર કરેલ હતી.

# વેરાવળ સ્વામિનારાયણ મંદિરે કલાત્મક હિંડોળા ખુલ્લા મુકાયા



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૩૧

વેરાવળમાં સટ્ટા બજારમાં આવેલ સ્વામીનારાયણ મંદિરે આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજ તેમજ ભાવિ આચાર્ય નુગેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞા તેમજ આશીર્વાદથી ધર્મકુળ આશ્રિત સ્વામિનારાયણ મંદિરે કલાત્મક હિંડોળા ઉત્સવ નિમતે શ્રી રામ મંદિર અયોધ્યાનો ફ્લોટ બનાવી અને રામ, શ્યામ તથા ઘનશ્યામ મહારાજ બિરાજમાન કરી સ્વામિનારાયણ સંપ્રદાય એ સનાતન ધર્મ ને વળગેલો સંપ્રદાય છે એવા શુભ આશિર્વાદ વડતાલ પૂ. પુષપેન્દ્ર મહારાજે આપ્યા હતા તેમજ તેમના હસ્તે હિંડોળા સર્વે ધર્મ પ્રેમી જનતા માટે ખુલ્લા મુકવામાં આવ્યા હતા. આ તકે સર્વ સનાતન ધર્મ પ્રેમી જનતાને આ હિંડોળા દર્શનનો લાભ લેવા માટે સ્વામિનારાયણ સતસંગ સમાજ તરફથી એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢ મસ્જીદે રઝામાં હુઝુર અમીને શરીઅતના આઠમાં ઉર્ષ શરીફ નિમિતે શાનદાર જલ્સાનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૧

જૂનાગઢ ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.૧-૮-૨૦૨૪ ગુરૂવારે રાત્રે ઈશાંની નમાઝ બાદથી ૧૧:૩૦ વાગ્યા સુધી મર્કઝે એહલે સુન્નત, મસ્જીદે રઝામાં અમીને શરીઅત હુઝુર પીર સિબ્તૈન રઝાખાં સાહેબ કિલ્લા અલયહીર્રહમાંના આઠમાં વાર્ષિક ઉર્ષ શરીફ નિમિતે તેમને ખીરાજે અકીદત પેશ કરવા એક શાનદાર જલ્સાનું આયોજન જૂનાગઢ ખાનકાહે રઝવિય્યાહ નુરીય્યાહના ગાદીનશીન પીરે તરીકત હુઝુર ગુલઝારે મિલ્લત હઝરત અલ્લામાં ગુલઝાર અહમદ સાહબ નૂરીના પ્રમુખ સ્થાને કરવામાં આવેલ છે. જેમાં હઝરત અલ્લામાં ગુલઝાર અહમદ સાહબ નૂરી તથા મૌલાના સરફરાઝ અહમદ સાહેબ નૂરી-વેરાવળ શાનદાર તકરીર ફરમાવશે તથા મૌલાના કારી નિયાઝ એહમદ સાહેબ તેમના અનોખા અંદાઝમાં નાતશરીફ તથા મનકબત પેશ કરશે. આ જલ્સામાં મુફતી હસીબુર્રહમાન સાહેબ, સૈયદ સાજીદ બાપુ મુસ્તફાઈ, હાફીઝ મોહંમદ સાબીર રઝા સાહેબ, મૌલાના મોહંમદ રાશીદ રઝા સાહેબ, મૌલાના રૂહુલ અમીન કલામી સાહેબ, મૌલાના મોહંમદ રૈહાન રઝા સાહેબ, મૌલાના મોહંમદ ઈસ્માઈલ સાહેબ બરકાતી તેમજ જૂનાગઢના ઓલમાએ કિરામ, સાદાતે એઝામ ખાસ હાજરી આપશે. સલાતો સલામ, દુઆએ ખૈર બાદ આમન્યાઝ જમાડવામાં આવશે. આ જલ્સામાં સર્વે મુસ્લીમ બીરાદરોને બહોળી સંખ્યામાં હાજરી આપવા અમીને શરીઅત ઉર્ષ કમીટીની યાદીમાં જણાવાયું છે.



દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ • ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

**મોબાઈલ... મોબાઈલ..**
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
**શ્રી જલારામ ટેલીકોમ**
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
**દિપક ફટાકડા સેન્ટર**
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
પવિત્ર શ્રાવણ માસ...
પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ગાયનું તાજુ ઘી તથા ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે
**વિજય ઘી ડીપો**
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ મો. ૭૨૦૨૦ ૧૨૫૪૨૩

**ભેળસેળ સાબિત કરનારને ઈનામ ૧ લાખ**
૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-
૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-
મલાઈવાળું દહી, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
**શ્રી ચંદ્ર ડેરી ફાર્મ**
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. ફોન: ૨૬૨૨૮૮૮

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જાગાવે, વારંવાર મન લલચાવે''
**: સુભાષ :**
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
**ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર**
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુ:ખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર,

બેકરીની બધી જ આઈટમ ઘઉમાં મળશે
સ્પે. પંજાબી પફ મળશે
આઈસ કેકનાં
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

# જૂનાગઢ બહાઉદ્દીન સરકારી વિનિમય કોલેજ અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા યુવક સહકારી શિક્ષણ તાલીમ યોજાઇ





જૂનાગઢ, તા.૩૧

જૂનાગઢ બહાઉદ્દીન સરકારી વિનિમય કોલેજના અર્થશાસ્ત્ર વિભાગ અને જૂનાગઢ જિલ્લા સહકારી સંઘ, ગુજરાત રાજ્ય સહકારી સંઘ, (અમદાવાદ) દ્વારા કોલેજમાં તા.૨૨-૦૭-૨૦૨૪ થી તા.૨૭-૦૭-૨૦૨૪ સુધી સહકારી શિક્ષણ તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય પી.વી. બારસીયાએ આ તાલીમ વર્ગનો પ્રારંભ કરાવ્યો હતો, તેમાં ૩૨ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ ભાગ લીધો હતો.તાલીમના ભાગરૂપે તાલીમાર્થી વિદ્યાર્થીઓને તા.૨૭-૦૭-૨૦૨૪ ના રોજ દૂધ ઉત્પાદક સહકારી ડેરીની મુલાકાત કરાવવામાં આવી હતી. તાલીમાર્થીઓ ડેરીની કામગીરીથી વાકેફ થયા હતાં. તાલીમના ભાગરુપે વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવતા તેમાં ૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક કટારા દેવાય કરશનભાઈ, દ્વિતીય ક્રમે પટાટ પ્રતીક્ષા લક્ષ્મણભાઈ અને તૃતીય ક્રમાંક માણેક પાયલ વેરશીભાએ મેળવ્યો હતો. વિજેતા સ્પર્ધકોને શિલ્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

જૂનાગઢ જિલ્લા સહકારી સંઘના આશ્લેષ ત્રિવેદી દ્વારા વિદ્યાર્થીઓને સહકારી તાલીમ આપવામાં આવી હતી. તાલીમના સમાપન સમારંભમાં પ્રિન્સિપાલ ડો.પી.વી.બારસીયાએ પ્રેરણાત્મક ઉદ્દબોધન આપી સફળ તાલીમ માટે અભિનંદન પાઠવ્યા હતા. તાલીમની પૂર્ણાહુતિ સમારંભમાં તાલીમાર્થીઓએ પોતાના અનુભવ વ્યક્ત કર્યા હતા. અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો.દીના એચ. લોઢીયાએ પોતાના વકતવ્યમાં કોલેજના આચાર્ય તેમજ સમગ્ર સ્ટાફ અને જૂનાગઢ જિલ્લા સહકારી સંઘનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કોલેજના સ્ટાફ ધવલ ચાવડા, ડો.દીના એચ.લોઢિયા, પ્રો. અરવિંદ મ્યાત્રા દ્વારા કરવામાં આવ્યું હતું, તેમ જૂનાગઢ બહાઉદ્દીન સરકારી વિનિમય કોલેજના પ્રિન્સિપાલ ડો. પી.વી.બારસીયાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

### શૈક્ષણિક સંવર્ગના કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમના લાભો મંજૂર થતા

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલનું અભિવાદન કરવામાં આવ્યું





જૂનાગઢ તા.૩૧

તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના શૈક્ષણિક સંવર્ગને કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ (સી.એ.એસ.) અંતર્ગત પ્રમોશનના લાભો મંજૂર કરવામાં આવ્યા છે. તેને લઈને આજે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના અધ્યાપક મંડળ દ્વારા રોજ કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલનો અભિવાદન સમારંભ યોજવામાં આવ્યો હતો. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ.વી.પી.ચોવટીયાના હસ્તે કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલનું અભિવાદન કરવામાં આવ્યુ હતુ. આ સમારંભમાં જે.ડી.સી.સી. બેંકનાં ચેરમેન શ્રી કિરીટભાઈ પટેલ, અગ્રણી શ્રી પુનિતભાઈ શર્મા, કુલસચિવશ્રી ડૉ.વાય.એચ.ઘેલાણી, સંશોધન નિયામકશ્રી ડૉ.આર.બી. માદરીયા, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ.એન.બી.જાદવ તેમજ કૃષિ યુનિવર્સિટી શૈક્ષણિક સંવર્ગના શિક્ષકશ્રીઓ, વૈજ્ઞાનિકશ્રીઓ તેમજ બહોળી સંખ્યામાં કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે અધ્યાપક મંડળનાં પ્રમુખ ડૉ. ડી.એસ.કેલૈયાએ આભાર વિધી કરી હતી, તેમ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ.વી.પી.ચોવટીયાએ એક યાદીમાં જણાવ્યું છે.

# દ્વારકાની ગૌશાળાના સંચાલકોએ સરકાર દ્વારા આપવામાં આવતી સહાયમાં વધારો કરવા આવેદનપત્ર આપ્યું



(પ્રતિનિધિ દ્વારા)


દ્વારકા, તા.૩૧

દ્વારકાની વિવિધ ગૌશાળાના સંચાલકો દ્વારા ગૌશાળા તથા પાંજરાપોળ માટે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી સહાય તથા અન્ય પ્રશ્નો પરત્વે દ્વારકા પ્રાંત અધિકારી તથા મામલતદાર થ્રુ રાજ્યના મુખ્યમંત્રી, નાણામંત્રી, પશુપાલન મંત્રી,ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ સહિત સંલગ્ન વિભાગને આવેદનપત્ર પાઠવી દ્વારકાની સુરભી માધવ ગૌસેવા ચેરીટેબલ ટ્રસ્ટ તથા કૃષ્ણા ગૌસેવા એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના સંચાલકો દ્વારા રજુઆતો કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ગૌમાતા પોષણ યોજના હેઠળ ગૌશાળા અને પાંજરાપોળને પશુ દીઠ પ્રતિદિન રૂપિયા ૩૦ની સહાય અપાય છે તેમાં વધારો કરીને પ્રતિદિન રૂા.૧૦૦ કરવા જણાવેલ છે. આ ઉપરાંત ગૌશાળા તથા પાંજરાપોળની ઘણી જગ્યાઓ સંસ્થાના નામે ન હોવાથી આવી સંસ્થાઓ સરકારી સહાયથી વંચિત રહી જાય છે તે પ્રશ્નને સરકાર દ્વારા સ્પષ્ટ નિતી નક્કી કરી ગૌવંશ માટે વપરાતી જગ્યાઓ સંસ્થાના નામે કરવા કાર્યવાહી કરવી તેમજ ગૌશાળા અને પાંજરાપોળ વધારા પશુધનને સમાવવા માટે વધારાના પશુઓના સંરક્ષણ તથા સંશોધનોની જરૂરિયાત પુરી પાડવા તથા નાણાંકીય જરૂરિયાતને પહોંચી વળવા માટે સરકાર દ્વારા યોગ્ય સહયોગ પ્રાપ્ત થાય સહિતના પ્રશ્નો પરત્વે રજુઆતો કરેલ છે.

# કૌશિકરાય પંડ્યાના કાવ્યસંગ્રહ 'શબરીબાઈનાં પદ'નું વિમોચન જૂનાગઢ રૂપાયતન ખાતે યોજાયું





જૂનાગઢ, તા.૩૧

અત્રે જૂનાગઢ રૂપાયતનના પરિસરમાં તા.૨૮ જુલાઈ ૨૦૨૪ને રવિવારના રોજ ડો. સુભાષ મહિલા કોલેજના વરિષ્ઠ અધ્યાપક કૌશિકરાય પંડ્યાના કાવ્યસંગ્રહ શબરીબાઈનાં પદનું વરિષ્ઠ વિદ્વાન બળવંત જાની અને સુજ્ઞ કવિ શ્રી સંજુ વાળાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયું હતું. આરંભે ભારતીય સંસ્કાર મુજબ દીપ પ્રાગટ્યની વિધિથી કાર્યક્રમનો આરંભ થયો હતો. ત્યારબાદ રૂપાયતનની પરંપરા મુજબ બંને ઉપસ્થિત વિદ્વાનો અને કૌશિકરાય પંડ્યાને સંસ્થા તરફથી સૂત્રમાળા મોમેન્ટો અને સાલ અર્પણ કરી સન્માનિત કરાયા હતા. ઉપસ્થિત જનોનું સ્વાગત કરતા સહૃદય રમેશ મહેતાએ સંસ્થાનો આછેરો પરિચય અને ભવિષ્યના આયોજન વિશે ટૂંકી નોંધ આપીને સૌને આવકાર્યા હતા. એમણે પોતાની મીતાક્ષરીમાં રૂપાયતનની અને હેમંતભાઈ નાણાવટીનો પરિચય કરાવ્યો હતો. કાર્યક્રમની ભૂમિકા બાંધતા આચાર્ય બલરામ ચાવડાએ કૌશિકરાયના અભ્યાસકાળથી લઈ અધ્યાપન કાર્ય સુધીની યાત્રાની રૂપરેખા પ્રસ્તુત કરી હતી. એમાં એમણે કૌશિકરાયના માનવીય પાસાઓને ઉજાગર કરી કવિની સંવેદનશીલતા અને શબ્દ સાથેની પ્રતિબધ્ધતા વિશે વિગતે વાત કરી હતી. કાર્યક્રમના અધ્યક્ષ અને કૌશિકરાયના ગુરુજી વિદ્વાન બળવંત જાનીએ પ્રસંગોચિત મનનીય ઉદ્દબોધન કરતા પ્રસંગના ઓવારણા લીધા હતા અને સાથે સાથે પોતાના પ્રિય વિદ્યાર્થી કૌશિકરાયનો આગવો પરિચય આપતા તેમની કારકિર્દીના નીચોડ રૂપ કેટલીક વાતો પ્રસ્તુત કરતા એમને બિરદાવતા અને આશીર્વાદ વચન પાઠવતા જણાવ્યું હતું કે શબરીબાઈના પદ એક વિશિષ્ટ અને પ્રયોગશીલ કૃતિ છે એમણે એમના કાવ્યાત્મક પાસાઓ અને એમાં થયેલી લોકતત્વોની માવજત વિશે વિગતે વાત કરતા એમણે શબરીબાઈના પદને એક કાલજયી કૃતિ ઠરશે એવી શુભેચ્છા પાઠવી હતી. ત્યારબાદ આપણા સમકાલીન સમયના ગુજરાતી ભાષાના વરિષ્ઠ કવિ સંજુવાળાએ પોતાના વકતવ્યમાં શબરીબાઈના પદ કૃતિને સીમાચીન રૂપ કૃતિ ગણાવી હતી એમણે કૃતિના કાવ્યાત્મક પાસાઓનો સંસ્પર્શ કરાવીને એમાં ચમત્કૃત મર્મજ્ઞતાનો ઉદાહરણ સાથે પરિચય કરાવ્યો હતો. એમણે કહ્યું હતું કે આ કૃતિનું વિવેચન ન થાય તો પણ આકૃતિ ભાવક ચિતમાં સદૈવ પોતાનું સ્થાન અંકિત કરશે એ વાત નિશ્ચિત છે.એમણે કેટલાક પદોનો વિશેષ ઉલ્લેખ કરી એમની ભાષાકીય વિલક્ષણતા વિશે વાત કરી હતી અને આવા કવિ કર્મ માટે કૌશિકરાયને ધન્યવાદ પાઠવ્યા હતા. પોતાનો વિશેષ પ્રતિભાવ આપતા કૌશિકરાયે પોતાની સર્જન યાત્રા વિશે વાત કરતા અંતહીન પીડા, અકથ્ય વેદના અને અવિરામ સંઘર્ષની યાદ અપાવી પોતે કયા શબ્દ ગોત્રના સર્જક છે એનો પરિચય કરાવ્યો હતો એમણે આ કાવ્યો દ્વારા પ્રસ્થાપિત એવી કેટલીક અનુકંપાઓ અને માનવીય મુદ્રાઓ જેવી લોકતત્વોની આગવી આસ્થા અને શ્રદ્ધાને પોતાના કાવ્ય પઠન દ્વારા મૂર્તિમંત કરી હતી અને સાથે સાથે એમણે રૂપાયતન અને સૌ પ્રત્યે પોતાનો ઓશીગણ ભાવ વ્યકત કર્યો હતો. કાર્યક્રમના સમાપનમાં કલામર્મજ્ઞ રમેશભાઈ મહેતાએ પોતાની આગવી શૈલીમાં કૌશિકરાય સાથેના પોતાના ત્રણ દાયકાના સંબંધોને વાગોળતા શબરી રૂપે કૌશિકરાય શબ્દબધ્ધ થયાની લાગણી વ્યકત કરી હતી એમણે શબરીબાઈના પદમાં રહેલી જીવન અને પાવન ક્ષણોને ઓળખી બતાવીને શુભેચ્છા પાઠવી હતી અને સૌ પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરી હતી આ પ્રસંગે રુપાયતનના મોભી હેમંત નાણાવટીએ સાહિત્યિક પ્રવૃત્તિ પ્રત્યેનો પોતાનો લગાવ અને નવતર આયોજન થકી કઈ રીતે રૂપાયતન કલા સંસ્કૃતિનો સમન્વય ઝંખે છે એની પ્રતીતિ કરાવી હતી અને એ માટેની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમનું સુચારું સંચાલન ભૂષણ ઝાલાએ કર્યું હતું. આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત આર.પી. જોશી,દલપત ચાવડા, અમુદાન ગઢવી, પ્રદ્યુમ્ન ખાચર, સ્મિતાબેન ઝાલા, ભીમજી ખાચરિયા, ભરતભાઈ મેશિયા, નવનીતભાઈ પંડ્યા ,અમુભાઈ વડારિયા, ભલાભાઈ દેલવાડીયા અને શહેરમાંથી પધારેલા સહૃદય ભાવકોએ કાર્યક્રમ નવાજ્યો હતો અને સૌ આનંદવિભોર થઈ સાહિત્યિક આયોજનને બિરદાવ્યુ હતું તેમજ આવા આયોજન માટે સૌએ રૂપાયતન અને હેમંતભાઈને અનેકાનેક ધન્યવાદ પાઠવ્યા. સમગ્ર ઉપક્રમની સફળતા માટે જૂનાગઢના જાહેર જીવનના અગ્રણી જવાહરભાઈ ચાવડાએ સૌને શુભેચ્છા પાઠવી હતી.

# રાજકોટ ડિવિઝનલ રેલ્વે હોસ્પિટલ દ્વારા વિશ્વ હિપેટાઈટીસ દિવસ નિમિત્તે આરોગ્ય જાગૃતિ કાર્યક્રમનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)



દ્વારકા, તા.૩૧

રાજકોટ ડિવિઝન દ્વારા તાજેતરમાં ડિવિઝનલ રેલ્વે હોસ્પિટલ, રાજકોટ ખાતે 'વિશ્વ હેપેટાઈટિસ ડે' નિમિત્તે આરોગ્ય જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય તબીબી અધિક્ષક ડો.રાજ કુમારે રેલ્વે કર્મચારીઓ અને તેમના પરિવારજનોને હેપેટાઈટીસ વિશે મહત્વની માહિતી આપી હતી. વાઈરલ હેપેટાઈટીસના પ્રકારો, કારણો, ચિહ્નો અને તેના ઉપાયો અને નિવારણ તેમજ તેને લગતી સમાજમાં રહેલી ગેરમાન્યતાઓ સમજાવ્યા બાદ ડો.રાજ કુમારે જણાવ્યું હતું કે સારવાર મહત્વપૂર્ણ છે અને નિવારણ માટે રસીકરણ કરવું જ જોઈએ. આ કાર્યક્રમમાં ૭૫ જેટલા લોકો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ડો.અરૂણ, ડો.રપ્રણવ અને રેલ્વેના અન્ય તમામ ડોકટરો હાજર રહ્યા હતા અને હોસ્પિટલના વોર્ડ ઈન્ચાર્જ, નર્સો, ફાર્માસિસ્ટ અને તમામ પેરામેડિકલ સ્ટાફ અને તેમના પરિવારજનોએ માહિતી મેળવી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન મુખ્ય નર્સિંગ સુપ્રિટેન્ડેન્ટ શ્રીમતી અવની ઓઝા દ્વારા કરવામાં આવ્યું હતું.

# રાજકોટ રામેશ્વર મહાદેવ મંદિરમાં શ્રાવણ માસમાં અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે

## રૂદ્રાભિષેક, પૂજન-અર્ચન, સત્સંગ, દિપમાલા સહિત કાર્યક્રમો, શ્રદ્ધાળુઓને સમજાવી શિવનું દૂધ ગરીબોને વિતરણ કરવામાં આવશે, હિંડોળા, જન્માષ્ટમીની વિશેષ ઉજવણી કરાશે, મંદિરની સમિતિ અને મહિલા સત્સંગ મંડળનું સંયુકત આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૩૧

રામેશ્વર મહાદેવ મંદિર સમિતિ, જીવનનગર વિકાસ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહિલા સત્સંગ મંડળ અને મંદિરના સંચાલક મંડળના સંયુક્ત ઉપક્રમે આગામી તા. ૫ મી ઓગસ્ટ સોમવારથી આખો શ્રાવણ માસ રામેશ્વર મહાદેવ મંદિરમાં અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવશે. પરોઢથી રાત સુધી મંદિરમાં શિવપૂજા-અર્ચન, રૂદ્રાભિષેક, મહાઆરતી, દિપમાલા અને સત્સંગ મંડળે ભજન-ધૂનનું આયોજન કર્યું છે. શ્રદ્ધાળુઓને સમજાવી શિવને પ્રતિક દૂધ ચડાવી વધેલું દૂધ એકઠું કરી બપોરે દૂધ જરૂરીયાતમંદ વસાહતમાં આપવામાં આવશે. દૂધનો બગાડ કરવામાં આવશે નહિ. મંદિરમાં કોઈપણ જાતના ફંડફાળા કરવામાં આવતા નથી. દૂધના સળંગ અભિષેક માટે પાબંદી કરવામાં આવી છે. દરરોજ બપોરે એક સુધી જ અભિષેક, જલાભિષેક, રૂદ્રી, પૂજા-પાઠ વગેરે સમય નક્કી કરવામાં આવ્યો છે. મંદિરના સહવ્યવસ્થાપક સુનિતાબેન વ્યાસ અને વિનોદરાય ભટ્ટની નિગરાનીમાં શ્રાવણ માસ આખો ધાર્મિક કાર્યક્રમો માટે જવાબદારી સોંપવામાં આવી છે. તેમની સાથે શોભનાબેન ભાણવડિયા, હર્ષાબેન પંડયા, ભારતીબેન રાવલ, આશાબેન મજેઠીયા, યોગીતાબેન જોબનપુત્રા, અલ્કાબેન પંડયા, ઉપરાંત કમિટીના વિવેકભાઈ રાવલ, પાર્થ ગોહેલ, અંકલેશ ગોહિલ, પૂજારી પ્રવિણભાઈ જોષી વિગેરે મંદિરમાં સુશોભન, શણગાર, રોશની, હિંડોળા, દર સોમવાર શિવને વિશેષ પૂજા-મહાઆરતી, દિપમાલા, કમળપૂજા સહિત ભાવપૂર્ણ આયોજન માટે જવાબદારી સોંપવામાં આવી છે. દરરોજ રાત્રીના ઈલેકટ્રીક રોશનીથી મહાદેવધામ શોભાયમાન થશે. મંદિરના સહવ્યવસ્થાપક સુનિતાબેન વ્યાસ અને વિનોદરાય ભટ્ટએ વિગત આપતા જણાવ્યું કે તા. ૧૫/૮ ગુરૂવાર સ્વાતંત્ર પર્વ અને ધ્વજવંદન સમારોહ મંદિરના પટાંગણમાં સવારે ૯ કલાકે ઉપરાંત સાંસ્કૃતિ કાર્યક્રમ, તા. ૧૬/૮ શુક્રવાર પુત્રદા એકાદશી, તા. ૧૯/૮ સોમવાર સવારે ૧૦ કલાકે સામુહિક રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવશે, તા. ૨૨/૮ ગુરૂવાર ફુલકાજળી વ્રતનું પુજન મંદિરના પુજારી દ્વારા કરાવવામાં આવશે, તા. ૨૩/૮ શુક્રવાર બોળચોથ, તા. ૨૪/૮ શનિવાર નાગપંચમી તથા રાંધણ છઠ, તા. ૨૫/૮ રવિવાર શીતળા સાતમ, તા. ૨૬/૮ સોમવારે જન્માષ્ટમી પર્વની ઉજવણી, આખો દિવસ ધાર્મિક કાર્યક્રમો ઉપરાંત રાત્રીના ૧૨-૦૦ કલાકે જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવશે, તા. ૨૯/૮ ગુરૂવાર અજા એકાદશી અને તા. ૩/૯ મંગળવારે અમાસ સાથે શ્રાવણ માસના પર્વની પુર્ણાહુતિ નિમિત્તે આખો દિવસ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

મંદિર કમિટીના સુનીતાબેન વ્યાસ, શોભનાબેન ભાણવડીયા અને અલ્કાબેન પંડયાએ પટ્ટાંગણમાં નિયમિત સફાઈ, સ્વચ્છતા અભિયાન અંતર્ગત પ્રચાર કરી શેરીએ શેરીએ અમલ થાય તે માટે કામગીરી ઉપાડી છે. સત્સંગ મંડળે દરરોજ સાંજે સાડા પાંચથી આરતી સુધી ભજન-ધૂન-કિર્તન રાખવામાં આવ્યા છે. રાજકોટ રૈયા રોડ, બ્રહ્મસમાજ પાસે, અનિલ જ્ઞાનમંદિર સ્કૂલની પાછળ મહાદેવધામમાં શ્રાવણ માસમાં પૂજા-પાઠ, અભિષેક, ધાર્મિક કાર્યક્રમોમાં જીવનનગર, જ્ઞાનજીવન, દેશળદેવ પરા, અમી પાર્ક, બ્રહ્મસમાજ, તિરૂપતિનગર, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર, જીવનજયોત, રાવલનગર, અમૃતા સોસાયટી, શિવપરા, આસપાસના રહીશો દરરોજ દર્શનાર્થે મંદિરે અચૂક હાજરી આપે છે. આરતી જોવા લોકો સ્વયંભુ આવે છે. લોકોમાં ધાર્મિક ઉત્સાહ વધાર્યો છે. સમિતિના પ્રમુખ જયંત પંડયા જણાવે છે કે મંદિરના પટાંગણમાં વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન અને વ્યસન મુક્તિ, બેટી બચાવો અભિયાન સહિત સરકારના વિકાસશીલ કાર્યક્રમમાં કારોબારી સભ્યો અને રહીશો જોડાવાના છે. દર સોમવારે પ્રભાતફેરી અને વિશેષ સત્સંગ મંડળનું આયોજન કરવામાં આવ્યું છે. બ્લડ ડોનેશન કેમ્પ અને નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રાવણ માસની તૈયારીમાં ઉપપ્રમુખ તેજસ ચોકસી, મુકેશભાઈ પોપટ, વિનોદરાય ભટ્ટ, વિનુભાઈ ઉપાધ્યાય, પાર્થ ગોહેલ, હસુભાઈ મોડેસરા, રાજેશ વઢવાણા, શૈલેષભાઈ પુજારા, પંકજ મહેતા, અંકલેશ ગોહિલ, હસમુખભાઈ ગોહેલ, વિવેકભાઈ રાવલ તથા મહિલા મંડળના હર્ષાબેન પંડયા, યોગીતાબેન જોબનપુત્રા, શોભનાબેન ભાણવડિયા, અલ્કાબેન પંડયા, ભારતીબેન રાવલ, સગુણાબેન વિઠ્ઠલાણી, ભારતીબેન ગંગદેવ, ભદ્રાબેન ગોહેલ, પ્રફુલ્લાબેન બોરીચા, વાસંતીબેન ત્રિવેદી, સુનિતાબેન વ્યાસ, આશાબેન મજેઠીયા, હર્ષિદાબેન શુકલ, નયનાબેન ઉપાધ્યાય, ભારતીબેન ગંગદેવ, ઉર્મિલાબેન ગોહેલ, કાશ્મીરાબેન દવે, શોભનાબેન નકુમ, પુનમબેન, ભારતીબેન, આરતીબેન, અલ્કાબેન, કંચનબેન, રેખાબેન, જયશ્રીબેન, દિપ્તીબેન, બીનાબેન, પારૂલબેન, ક્રિશ્નાબા, યોગીતાબેન, નેહાબેન, અનેક મહિલા મંડળ સદસ્યો કામગીરી કરી રહ્યાં છે. મંદિરે અભિષેક માટે સવારે ૫ થી બપોરના ૧૨ સુધીનો પૂજા માટે સમય નક્કી કર્યો છે તેમ સહવ્યવસ્થાપક સુનિતાબેન વ્યાસની યાદીમાં જણાવાયું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# ભારતીય અર્થવ્યવસ્થા પર સુનિયોજિત હુમલો

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે ૩ જાન્યુઆરીએ પોતાના એ નિર્ણય પર પુનર્વિચારની માંગ કરતી અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો, જેમાં હિંડનબર્ગ રિપોર્ટની એસઆઈટી કે સીબીઆઈ તપાસને ફગાવી દેવામાં આવી હતી. તેના થોડા દિવસ પહેલાં મૂડી બજાર નિયામક ભારતીય પ્રતિભૂતિ અને વિનિમય બોર્ડ એટલે કે સેબીએ ભારતીય અર્થવ્યવસ્થાને આઘાત પહોંચાડતા એક સુનિયોજિત ષડયંત્રને ઉજાગર કરતાં ૨૬ જૂન, ૨૦૨૪ના રોજ અમેરિકી શોર્ટ સેલર હિંડનબર્ગને કારણદર્શક નોટિસ જારી કરી.

ઉલ્લેખનીય છે કે અદાણી ગ્રુપને નિશાનો બનાવતા હિંડનબર્ગ રિપોર્ટને કારણે ભારતીય શેર બજારમાં ભારે હલચલ મચી હતી. કેટલાય વિપક્ષી દળોએ તેને રાજકીય મુદ્દો પણ બનાવ્યો. હવે એ રિપોર્ટની સચ્ચાઈ સામે આવતી જાય છે એટલે ષડયંત્રનાં પડળો ખૂલી રહ્યાં છે. જોકે રિપોર્ટના થોડા સમય બાદ જ તેની સત્યતા પર શંકા પેદા થવા લાગી હતી અને બજાર સુધરીને આગળ વધવા લાગી. આ જ કારણ છે કે સેન્સેક્સ આ સમયે ૮૦,૦૦૦ના આંકને આંબી ગયો છે. સેન્સેક્સમાં આ તેજી ભારતની વિકાસ ગાથાની અદમ્ય ભાવનાને પ્રદર્શિત કરે છે. જોકે આ તેજી વચ્ચે આપણે હિંડનબર્ગની અસલિયત પણ ખોલવી પડશે, જેથી ભવિષ્યમાં તેના પ્રત્યે સચેત રહી શકાય અને વિદેશી તાકાતો આપણી પ્રગતિમાં અવરોધ પેદા કરવામાં સફળ ન થઈ શકે.

એ કોઈથી છૂપું નથી કે હિંડનબર્ગ રિપોર્ટ ભારતની વિકાસગાથા પર જાણીજોઈને કરવામાં આવેલ હુમલો હતો. આ રિપોર્ટને આર્થિક પારદર્શિતા સાથે કોઈ લેવાદેવા ન હતી. સેબીની નોટિસે હિંડનબર્ગ રિસર્ચ અને કિંગડન કેપિટલ મેનેજમેન્ટની ગંદી ચાલોને ઉજાગર કરી છે, જેમણે બિનજાહેર જાણકારીનો ઉપયોગ કરીને અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડ એટલે કે એઈએલના શેરોને શોર્ટ-સેલ કરવા માટે મિલીભગત કરી. શોર્ટ સેલિંગ ત્યારે થાય છે, જ્યારે કોઈ રોકાણકાર એ શેરને વેચે છે, જે તેણે ખરીદ્યા નથી હોતા અને તેની સિલકમાં નથી હોતા. હિંડનબર્ગ રિપોર્ટમાં કેટલાય નિરાધાર આરોપ અને ભ્રામક નિવેદન હતા. આ રિપોર્ટ ભારતના આર્થિક વિકાસ અને મૂડી નિર્માણની કરોડરજ્જુને નિશાનો બનાવીને ભારતીય મૂડી બજારમાં દહેશત ફેલાવવાનો સ્પષ્ટ પ્રયાસ હતો. તેને કારણે અદાણી સમૂહના ૧૦ લીસ્ટેડ શેરોમાં ભારે ઘટાડો થઈ ગયો. હિંડનબર્ગ રિપોર્ટ જારી થવાના ચાર અઠવાડિયામાં મૂડી બજારમાંથી લગભગ ૧૫૦ અબજ ડોલર (લગભગ ૧૨.૫ લાખ કરોડ રૂપિયા) સ્વાહા થઈ ગયા. આ રોકાણકારોની સંપત્તિ અને બજારની સ્થિરતા પર સીધો પ્રહાર હતો. હિંડનબર્ગના આરોપોથી વધેલી દહેશતે અનિશ્ચિતતાનો માહોલ પણ ઊભો કર્યો, જેનાથી રોકાણકારો હતોત્સાહિત થઈ ગયા. જાન્યુઆરીથી ફેબ્રુઆરી ૨૦૨૩ દરમ્યાન વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ ભારતીય ઈક્વિટી બજારોમાંથી લગભગ ૩૪,૦૦૦ કરોડ રૂપિયા કાઢી લીધા. વિદેશી મૂડીનું આ પલાયન સીધી રીતે હિંડનબર્ગ રિપોર્ટ દ્વારા પેદા કરવામાં આવેલ ભયને કારણે થયું, જેને વિપક્ષ દ્વારા સરકાર પર સતત હુમલાઓથી ઓર ઉત્તેજન મળ્યું.

એ માનવાનાં ઘણાં કારણો છે કે ઉપરોક્ત રિપોર્ટ હિંડનબર્ગના અંગત લાભના એજન્ડાથી ઓતપ્રોત હતો. સેબીની નોટિસથી એક ચોંકાવનારી જાણકારી એ સામે આવી કે હિંડનબર્ગે પોતાની દુર્ભાવનાપૂર્ણ રિપોર્ટની એક અગ્રીમ નકલ ન્યૂયોર્કના હેજ ફંડ મેનેજર માર્ક કિંગડનને રિલીઝ કરવાના મહિનાઓ પહેલાં આપી હતી. આ ગુપ્ત સહયોગમાં હિંડનબર્ગ અને માર્ક કિંગડન વચ્ચે નફો વહેંચવાની સમજૂતી પણ સામેલ હતી. બિનજાહેર જાણકારીના માધ્યમથી કિંગડને અદાણી સમૂહના બજાર મૂલ્યમાં મહત્ત્વપૂર્ણ ઘટાડાનો લાભ ઉઠાવ્યો અને ઈનસાઈડર ટ્રેડિંગ એટલે કે ભેદી કારોબારના માધ્યમથી હિંડનબર્ગ અને પોતાના માટે ૨.૨ કરોડ ડોલર એટલે કે લગભગ ૧૮૪ કરોડ રૂપિયથી વધારેનો નફો ઉસેટી લીધો. આવી હેરફેર તેમની છેતરપિંડી દર્શાવે છે અને તેમની કથિત શોધમાં વિશ્વસનીયતાને ખતમ કરી દે છે.

હિંડનબર્ગના જૂઠ્ઠાણાની પરખ કર્યા વિના વિપક્ષી દળોએ હાથોહાથ તેને ઊંચકી લીધો. વિશેષ કરીને કોંગ્રેસે આ જૂઠ્ઠાણાની આગને હવા આપી. રાહુલ ગાંધી અને તેમના સાથીઓએ ક્રોની કેપિટલિઝમના નિરાધાર આરોપ લગાવ્યા. જોકે, સેબીની નોટિસે એ દાવાને સ્પષ્ટ રૂપે ફગાવી દીધા. હિંડનબર્ગ રિપોર્ટના નિરાધાર દાવાને ચગાવવામાં કોંગ્રેસની ભૂમિકાની અવગણના ન કરી શકાય. રાષ્ટ્ર સાથે ઊભા થવા અને આર્થિક સ્થિરતા સુનિશ્ચિત કરવાને બદલે કોંગ્રેસે જૂઠ્ઠાણાને હવા આપવાનું વધુ યોગ્ માન્યું, જેનાથી રોકાણકારો વચ્ચે અવિશ્વાસ વધ્યો. આ બેજવાબદાર વ્યવહાર રાજકીય અવસરવાદના પક્ષમાં રાષ્ટ્રીય હિતો પ્રત્યે તેની ઉપેક્ષાને ઉજાગર કરે છે. વિપક્ષનું આવું વલણ માત્ર એક વેપારી એકમ પર હુમલો જ ન હતું, બલ્કે ભારતની આર્થિક આકાંક્ષાઓ પર પણ હુમલો હતો. કોંગ્રેસ દ્વારા સરકારની આર્થિક નીતિઓને અસ્થિર કરવાના પ્રયાસો છતાં ભારતનો જીડીપી વૃદ્ધિ મજબૂત રહ્યો, જે નામાંકીય વર્ષ ૨૦૨૪માં ૮.૨ ટકાના દરે વધ્યો. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૨૩માં ૭ ટકાના દરે વૃદ્ધિ થઈ હતી, જે હાલની સરકાર અંતર્ગત લચીલી અર્થવ્યવસ્થાને દર્શાવે છે. સતત થઈ રહેલ સંરચનાત્મક સુધારા, બુનિયાદી માળખાના વિકાસ, ડિજિટલ પહેલ અને શીર્ષ સ્તરે નિર્ણાયક પહેલને કારણે જ દેશનો વિકાસ દર સુદૃઢતાથી નિરંતર વધી રહ્યો છે.

અંગત સ્વાર્થોથી પ્રેરિત હિંડનબર્ગ રિપોર્ટથી વિપક્ષી દળોએ રાજકીય લાભ ખાટવામાં કોઈ કસર ન છોડી, જ્યારે તેનું નુક્સાન એ મધ્યમ વર્ગે ચૂકવવું પડ્યું, જેણે પોતાની મહેનતની કમાણી શેરોમાં લગાવી હતી. આ લોકોની આર્થિક આકાંક્ષાઓ પર આઘાત હતો. સેબીની નોટિસે સ્પષ્ટ કરી દીધું કે કેવ રીતે હિંડનબર્ગ રિપોર્ટે મૂડી નિર્માણને ઝાટકો આપ્યો, રોકાણકારોનો વિશ્વાસ ડગાવ્યો અને નાગરિકોની આર્થિક સંભાવનાઓને નુક્સાન પહોંચાડ્યું. હિંડનબર્ગની છેતરપિંડીવાળા રિપોર્ટને કારમે ભારતીય શેરોના બજાર મૂલ્યમાં લગભગ ૧૨.૫ લાખ કરોડ રૂપિયાનું નુક્સાન થયું. જે લોકો હિંડનબર્ગ રિપોર્ટ બાદ રાજકીય રોટલા શેકી રહ્યા હતા, તેઓ આજે સેબીની નોટિસ બાદ ચૂપકિદી સાધીને બેઠા છે. તેમની ચૂપકિદી ઘણું બધું કહી જાય છે.

# ફ્રાન્સના અગ્રણી અખબારોએ શ્રીમતી નીતા અંબાણીનો ૨૦૩૬ ઓલિમ્પિકની યજમાની માટે ભારતની દાવેદારીના મહત્વના એમ્બેસેડર તરીકે ઉલ્લેખ કર્યો



(પ્રતિનિધી દ્વારા) દ્વારકા તા.૩૧

ફ્રાન્સના અગ્રણી અખબારોએ શ્રીમતી નીતા અંબાણીનો ૨૦૩૬ ઓલિમ્પિકની યજમાની માટે ભારતની દાવેદારીના મહત્વના એમ્બેસેડર તરીકેનો ઉલ્લેખ કર્યો છે. અગ્રણી ફ્રેન્ચ અખબાર લે ફિગારોના અહેવાલ મુજબ "એકસમયે નરેન્દ્ર મોદી જેના મુખ્યમંત્રી હતા અને અંબાણી પરિવાર જ્યાંથી આવે છે તે ગુજરાતની આર્થિક રાજધાની અમદાવાદ માટે ૨૦૩૬ની રમતોની બીડ હજી સુધી સત્તાવાર રીતે નથી થઈ. પરંતુ જૂનમાં સળંગ ત્રીજી ટર્મ માટે ચૂંટાઈ આવેલા વડાપ્રધાને, ''સ્પષ્ટ કર્યું હતું કે, તેઓ (ભારત) ૨૦૩૬ની રમતોની હોડમાં રહેવા ઈચ્છતા હતા,'' એમ અંબાણીએ કહ્યું હતું.

તાજેતરમાં વિશ્વભરમાં સેલિબ્રિટી તરીકે પ્રેસમાં સર્વત્ર દેખાયેલા નીતા અંબાણી એ જ અનંતના માતા છે, જેમના ભવ્યાતિભવ્ય લગ્ન સમારોહ ચાર મહિના સુધીના અલગ અલગ મહોત્સવોમાં ચાલ્યા હતા અને તેને સંલગ્ન પ્રાઈવેટ કોન્સર્ટ્સમાં જસ્ટિન બિબર અને રિહાન્ના જેવા ખ્યાતનામ સિંગર્સે પરફોર્મ કર્યું હતું અને ટોની બ્લેર, બોરિસ જોન્સન જેવા વર્લ્ડ લીડર્સ તેમજ અનેક નામી બોલિવૂડ માંધાતાઓએ ઉપસ્થિત રહી પ્રસંગને દીપાવ્યો હતો.

નીતા અંબાણી છેક ૨૦૧૬થી આઈઓસીના (ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી) મેમ્બર છે અને હાલમાં જ ફરીથી ચૂંટાયા છે. તેઓ રિલાયન્સ ફાઉન્ડેશનના ચેરપર્સન પણ છે, જેણે ઓલિમ્પિકના ઈતિહાસના સૌપ્રથમ 'ઈન્ડિયા હાઉસ'ને નાણાકીય સહાયતા પૂરી પાડી છે. આ ઈન્ડિયા હાઉસ એ પાર્ક દ લા વિલેમાં સ્થાપિત મહારાજાના પેલેસની પ્રતિકૃતિ સમાન ઉજાસભર્યા રંગોનું પેવિલિયન છે, જે બ્રાઝિલ અને કોલમ્બિયાના હાઉસથી નજીક છે.

ભારતીય કલા, સંગીત, વાનગીઓ અને રમતગમતની ઝાંખી કરાવતા આ મંચ પર ગુલાબી છાંટ ધરાવતી અદભુત ફ્લોરલ સાડીમાં સજ્જ નીતા અંબાણીએ અગ્રણી ફ્રેન્ચ અખબાર લે ફિગારોને એક ખાસ મુલાકાત આપી હતી. પરંપરાગત ભારતીય નૃત્ય, ભરતનાટ્યમના આ પૂર્વ શિષ્યા અર્થશાસ્ત્રમાં ડિગ્રી ધરાવે છે અને ૨૦૦૪માં એથેન્સ પછીથી કોઈ ઓલિમ્પિયાડ ચૂક્યા નથી. ગત શુક્રવારે સાંજે આયોજિત ઉદ્ઘાટન સમારોહમાં, તેમના પતિ તેમજ ''આઈઓસીના મિત્રો''ની બાજુમાં વરસાદથી બચવા માટેના પોન્ચોમાં સજ્જ થઈ તેમણે કહ્યું હતું કે, તેઓ પોતે અહીં આવીને ''ટીનેજર જેવો'' ઉત્સાહ અનુભવી રહ્યા છે. ''એથ્લીટ્સને બોટ પરેડ ખૂબ ગમી હતી'', એવું ઉત્સાહપૂર્વક નીતા અંબાણીએ કહ્યું હતું, જેમને ''ફ્રેન્ચમાં ગાતા લેડી ગાગા'' સાંભળવાનો ખૂબ આનંદ આવ્યો હતો અને ''સિલિન ડિયોનનું પરફોર્મન્સ સોનામાં સુગંધ ભળવા જેવું'' લાગ્યું હતું. થોમસ જોલીનો શો ભારતમાં ઓલિમ્પિક સમારોહને પ્રેરણા આપી શકે કે કેમ તેવો સવાલ કરાયો ત્યારે પેરિસ સમારોહની ટીકા કરતા ખચકાતા, તેમણે જવાબ આપ્યો હતો કે તેઓ તો ભારતીય સંસ્કૃતિને જ હાઈલાઈટ કરવા માંગે છે.

હાલ તો ૧.૪ અબજથી વધુ વસ્તી સાથે વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ હોવા છતાં ભારત હજુ સુધી ઓલિમ્પિક જાયન્ટ બની શક્યું નથી. તેણે ચોક્કસપણે પેરિસ ૨૦૨૪માં ૧૬ સ્પર્ધાઓમાં ૧૧૭ એથ્લિટ્સને મેદાનમાં ઉતાર્યા છે, પરંતુ ૨૫ સમર ઓલિમ્પિયાડ્સમાં અત્યાર સુધીમાં ૧૦ સુવર્ણ ચંદ્રક અંકે કર્યા છે (જેની તુલનામાં ફ્રાન્સના ૨૨૦ કરતા વધુ અથવા હરીફ ચીનના ૨૬૦ કરતાં વધુ છે). નીતા અંબાણીની અધ્યક્ષતા હેઠળનું ફાઉન્ડેશન ૧૦૦-મીટર હર્ડલ્સને ૧૩ સેકન્ડથી ઓછા સમયમાં પાર કરનારી પ્રથમ ભારતીય મહિલા જ્યોતિ યાર્રાજી સહિત અનેક નેશનલ ચેમ્પિયન્સને મદદ કરી રહ્યું છે. "તેની માતા નોકર છે, તેના પિતા સિક્યુરિટી ગાર્ડ છે", આપણી "ક્વિન ઓફ સ્પ્રિન્ટિંગ" એ "આશાથી તરબતર ભારતીય યૂવા પેઢીની કહાણી જણાવે છે", એમ નીતા અંબાણીએ કહ્યું હતું.

છેલ્લાં ચાર-પાંચ વર્ષમાં દેશની માળખાકીય સુવિધાઓમાં ઘણો સુધારો થયો છે અને તે વડાપ્રધાન મોદીને આભારી છે. (...) આજે ભારતમાં ગામડામાંથી શહેર સુધી પહોંચવું ખૂબ સરળ છે અને રમતગમતની સુવિધાઓ ઘણી વધી ગઈ છે

જ્યોતિ યાર્રાજીએ રિલાયન્સ ફાઉન્ડેશનની ત્રણ રમતગમત સુવિધાઓમાંની એક એવા હાઈ પર્ફોર્મન્સ સેન્ટરમાં તાલીમ લીધી છે, અને ફાઉન્ડેશન સમગ્ર દેશમાં ૨૨ મિલિયનથી વધુ યુવા ભારતીયોની શૈક્ષણિક અને રમતગમતની તાલીમને પણ મદદ પૂરી પાડે છે. નીતા અંબાણી કહે છે કે "આપણે વિવિધ રમતો રમનાર દેશ બની રહ્યા છીએ" ટોક્યોમાં ભાલા ફેંકમાં સુવર્ણ ચંદ્રક જીતનારા નીરજ ચોપરાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, તે સમયે ૬૦ મિલિયન દેશવાસીઓએ સ્ક્રીન પર ચોપરાને ફોલો કર્યો હતો. ભારતની રાષ્ટ્રીય રમત તો ક્રિકેટ જ કહી શકાય કારણ કે તેને લોકો ધર્મની જેમ પૂજે છે. નીતા અંબાણી પ્રિમિયર લીગ ક્લબ મુંબઈ ઈન્ડિયન્સની માલિકી ધરાવે છે અને રિલાયન્સ ગ્રૂપની માલિકીની પાંચ ક્લબો વિશ્વભરમાં છે. ક્રિકેટ ૨૦૨૮ની લોસ એન્જલસ ગેમ્સથી ઓલિમ્પિકમાં પદાર્પણ કરશે. ભારત માટે આ એક સુવર્ણ તક બનશે.

વર્ષ ૨૦૩૬ ઓલિમ્પિયાડનો દાવો કરવા માટે એશિયન જાયન્ટની મુખ્ય વિશેષતા શી છે? નીતા અંબાણી ભારપૂર્વક કહે છે કે "અમારી ૧.૪ અબજ લોકોની વસ્તી છે, જે ખૂબ જ યુવાન વસ્તી છે." દર ત્રણમાંથી બે ભારતીયોની ઉંમર ૩૫ વર્ષથી ઓછી છે. રિલાયન્સ ફાઉન્ડેશનના ચેરપર્સને જણાવ્યું હતું કે, ''છેલ્લા ચારથી પાંચ વર્ષમાં દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં નોંધપાત્ર સુધારો થયો છે, જે વડાપ્રધાન મોદીને આભારી છે. પહેલાં ભારતમાં સફર કરવી પણ મુશ્કેલ હતી, યુવાનો માટે તાલીમ કેન્દ્રમાં જોડાવું એક અગ્નિપરીક્ષા હતી. આજે ગામડામાંથી શહેરમાં પહોંચવું ખૂબ સરળ છે અને રમતગમતની સુવિધાઓ ઘણી વધી ગઈ છે.''

યુરોપ કરતાં વધુ વૈવિધ્યસભર ગણાવાતા અમારા દેશમાં છે, જે ધાર્મિક અને સામાજિક તડાની ઉપર છે. અહીં "રમતગમત એકતા અને સમાનતાનું શ્રેષ્ઠ માધ્યમ બની શકે છે", "બાળકો મેદાનમાં હોય છે ત્યારે તમામ ભેદભાવો ભૂલી જાય છે, અને આ ભાવનાની વિશ્વને અગાઉ ક્યારેય નહોતી તેટલી જરૂર આજે છે,'' તેમ ભારતીય રમતગમતના ગોડમધર સમાન વ્યક્તિત્ત્વએ જણાવ્યું હતું.

### આરોગ્ય વિભાગ દ્વારા માર્ગદર્શિકા જાહેર

# મેલેરિયા સહિત વિવિધ રોગોને અટકાવવા માર્ગદર્શિકા જાહેર

## ચોમાસાની ઋતુમાં મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા મચ્છરજન્ય રોગોથી બચવા રાખીએ તકેદારી

અમદાવાદ, તા.૩૧

સમગ્ર રાજ્યમાં ભારે વરસાદના પગલે ચોમાસામાં મચ્છરજન્ય રોગો જેવા કે મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા વગેરેનો ઉપદ્રવ વધુ પ્રમાણમાં જોવા મળે છે. તેનાથી બચવા આપણે સૌએ તકેદારી રાખવી જરૂરી છે. મેલેરિયા રોગ ચેપી માદા એનોફીલીસ મચ્છર દ્વારા જ્યારે ડેન્ગ્યુ અને ચિકનગુનિયા માદા એડીસ મચ્છરોના કરડવાથી થાય છે. જેથી આ રોગના નિયંત્રણ માટે આપણે સૌએ સહિયારા પ્રયાસો કરવા અનિવાર્ય છે.

રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગથી બચવા નાગરિકો માટે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે, જેમાં મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના મચ્છરો ઘરમાં ન ફેલાય તે માટે ઘરમાં અને ઘરની આજુબાજુમાં પાણી સંગ્રહના પાત્રોને ખુલ્લા ના રાખવા, ઘરની આજુબાજુમાં પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી જોઈએ. મેલેરિયા થયો હોય તેવા વ્યક્તિઓને પૂરેપૂરી સારવાર લેવી જરૂરી છે. વરસાદી સિઝન દરમિયાન બોટલ, ટીન, ટાયર, અને નાળીયેરની કાછલી, ભંગારનો નાશ કરવો. ડેન્ગ્યુ અને ચિકનગુનિયાની કોઈ ખાસ કોઈ દવા ઉપલબ્ધ નથી જેથી નાગરિકોને ડોકટરની સલાહ વિના દવા લેવી નહિ તેમાં પણ એસ્પીરીન જેવી દવાઓનો ઉપયોગ ટાળવો જોઈએ. મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા રોગના નિયંત્રણ માટે નાગરિકોને તાવ હોય ત્યારે લોહીની તપાસ કરાવી જોઈએ. સાદો મેલેરિયા હોય તો ૧૪ દિવસની અને ઝેરી મેલેરિયા હોય તો ત્રણ દિવસની સંપૂર્ણ સારવાર નાગરિકોએ લેવી જોઈએ. મચ્છરથી બચવા મચ્છર વિરોધી ક્રીમ, કોઈલ અને અગરબત્તીનો ઉપયોગ કરવો જોઈએ. ઘરમાં અને ઘરની આજુબાજુમાં પાણી સંગ્રહના પાત્રોને હવાચુસ્ત ઢાંકણાંથી બંધ રાખવા જોઈએ. નાગરિકોએ ઘરની આજુબાજુ પાણીનો ભરાવો ન થાય તેની તકેદારી રાખવી તેમજ પાણીના નાના ખાડા ખાબોચીયા પૂરી દેવા જોઈએ. નાગરિકોએ ઘરના બારી બારણા, ખાસ કરીને સવાર અને સાંજે બંધ રાખવા જોઈએ તેમજ રાત્રે સુતી વખતે જંતુનાશક કે સાદી મચ્છરદાનીનો ઉપયોગ કરવો જોઈએ. ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના દર્દીઓને પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી લેવું જોઈએ તેમ આરોગ્ય વિભાગની યાદીમાં વધુમાં જણાવાયુ છે. મેલેરિયા એક ગંભીર રોગ છે જે મચ્છરના કરડવાથી ફેલાય છે. આ રોગના લક્ષણો ઘણીવાર તાવ, શીતળતા અને પરસેવો આવવા જેવા હોય છે. જો તમને મેલેરિયાના લક્ષણો દેખાય તો તરત જ ડૉક્ટરને બતાવવું જરૂરી છે.

મેલેરિયાના મુખ્ય લક્ષણોઃ

તાવઃ મેલેરિયાનું સૌથી સામાન્ય લક્ષણ છે. આ તાવ સામાન્ય રીતે ઉંચો હોય છે અને ચક્રવાર આવે છે.

શીતળતાઃ તાવ આવતા પહેલા શરીર ઠંડું પડી જાય છે અને ધ્રૂજવા લાગે છે.

પરસેવોઃ તાવ ઉતર્યા પછી શરીર પર ભારે પરસેવો થાય છે.

માથાનો દુખાવોઃ મેલેરિયામાં માથાનો દુખાવો એક સામાન્ય લક્ષણ છે.

ઉલટી અને ઝાડાઃ કેટલાક લોકોને ઉલટી અને ઝાડા થઈ શકે છે.

સ્નાયુઓ અને સાંધામાં દુખાવોઃ શરીરના વિવિધ ભાગોમાં દુખાવો થઈ શકે છે.

થાકઃ મેલેરિયાના કારણે વ્યક્તિ ખૂબ જ થાકી જાય છે.

અન્ય લક્ષણોઃ પીળાશ, કમળો, આંખોમાં લાલાશ, ખાંસી, શ્વાસ લેવામાં તકલીફ, ચક્કર આવવા વગેરે.

### ઘરે જમતી વખતે જ ઢળી પડ્યો

# ચોથા ધોરણમાં ભણતા વિદ્યાર્થીનું હાર્ટ એટેકથી મોત

રાજકોટ,તા.૩૧

પૂર્વાગ ધામેચાને છેલ્લા બે દિવસથી ઝાડા ઊલટી હોવાથી ખાનગી ક્લિનિકમાંથી દવા લીધી હતી. બાળક પોતાના ઘરે જમવા બેઠો હતો ત્યારે ઊલટી થતાં તે બેભાન હાલતમાં ઢળી પડ્યો હતો. જો કે પૂર્વાગને વધુ સારવાર મળે તે પહેલાં જ તેનું મોત થયું હતું. તાજેતરમાં ગુજરાતમાં નાનાથી માંડી મોટા સુધી હાર્ટ એટેકના કેસોમાં ચિંતાજનક રીતે વધારો થયો છે. ત્યારે રાજકોટમાં ધોરણ-૪માં અભ્યાસ કરતા બાળકને હાર્ટ એટેકથી મોત થયું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ધો.૪માં અભ્યાસ કરતો પૂર્વાગ નેમિશભાઈ ધામેચાનું મોત થતાં પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. મળતી માહિતી પ્રમાણે પૂર્વાગ ધામેચાને છેલ્લા બે દિવસથી ઝાડા ઊલટી હોવાથી ખાનગી ક્લિનિકમાંથી દવા લીધી હતી. બાળક પોતાના ઘરે જમવા બેઠો હતો ત્યારે ઊલટી થતાં તે બેભાન હાલતમાં ઢળી પડ્યો હતો. જો કે પૂર્વાગને વધુ સારવાર મળે તે પહેલાં જ તેનું મોત થયું હતું.

બાળકનું હાર્ટ એટેકથી મોત નીપજ્યું હોવાનો તબીબોએ અભિપ્રાય આપ્યો હતો. જોકે પી.એમ રિપોર્ટ આવ્યા બાદ સાચી હકીકત સામે આવશે. ઉલ્લેખનીય છે કે, આજકાલ ઘણા કિસ્સાઓ પ્રકાશમાં સામે આવે છે જયારે જીમમાં વર્કઆઉટ કરતી વખતે અથવા ડાન્સ કરતી વખતે યુવાનોને હાર્ટ એટેક આવે છે. આરોગ્ય નિષ્ણાતો કહે છે કે આજકાલ હૃદયના અજાણ્યા રોગો, યોગ્ય તાલીમ વિના વધુ પડતી અને ભારે કસરત, ડિહાઈડ્રેશન અને વધુ પડતા ઉત્તોજક અથવા કેફીનનું સેવછન યુવાનોના હૃદયને નબળું પાડી રહ્યા છે અને હૃદયરોગના હુમલાની ઘટનાઓ વધી રહી છે. એક રિપોર્ટમાં ખુલાસો થયો છે કે યુવાનોના હૃદય સતત નબળા થઈ રહ્યા છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

એકાગ્રતા એ જીવનનું ગુપ્ત રહસ્ય છે.

- સ્વામી રામતીર્થ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૩, મુ. મોહરમ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, અષાઢ વદ-૧૧ કામિકા એકાદશી તા.૩૧ જુલાઈ ૨૦૨૪, બુધવાર, પારસી તા.૨૧, મુસ્લિમ તા.૨૪, રોહિણી નક્ષત્ર, ધ્રુવ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૨૧, સૂ.અ.૭:૩૩

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ), સવારે ૧૦:૧૫ ક. પછી જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આર્થિક સમસ્યાનો ઉકેલ મળે. કચેરીના કાર્યમાં સફળતા મળે.
વૃષભ:ગૃહસ્થજીવનમાં મતભેદ થાય. મનમાં મૂંઝવણ રહે.
મિથુન:મહત્વના કાર્યમાં રૂકાવટ આવે. ક્રોધ પર કાબુ રાખવો.
કર્ક: મનની મુરાદ પૂરી થાય. નવિન લાભની તક સાંપડે.
સિંહ: હાથમાં આવેલી તક સરી જાય. આરોગ્ય અંગે ચિંતા.
કન્યા: મનમાં ખિન્નતા રહે. ગુપ્ત ચિંતા રહે.
તુલા: આર્થિક સમસ્યા તીવ્ર બને. સ્વમાન ઘવાય તેવો પ્રસંગ બને.
વૃશ્ચિક:આર્થિક સમસ્યાનો સામનો કરવો પડે. બેચેની અનુભવાય.
ધન: આરોગ્ય સાવધાની જરૂરી બને. ગૃહવિવાદના ભોગ બનવું પડે.
મકર: યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. કાર્યબોજ હળવો બને.
કુંભ: વાણી સંયમ જાળવવો હિતાવહ. લાભની તક સરી જાય.
મીન: પ્રવાસ-મુસાફરીમાં લાભ થાય. આકસ્મીક ધનલાભ થાય.

### સરકાર દ્વારા ધર્મમાં થતો વેધક હસ્તક્ષેપના આરોપ

# સમેદ શિખરજીને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરવાથી જૈન સમાજ નારાજ

અમદાવાદ, તા.૩૧

તાજેતરમાં ઝારખંડ સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા જૈન સમાજના સૌથી મહત્વપૂર્ણ તીર્થધામ સમેદ શિખરજીને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરવાથી જૈન સમાજ નારાજ છે ત્યારે અમદાવાદમાં પાલડી સ્થિત જૈન મરચન્ટ સોસાયટી ખાતે પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જૈનાચાર્ય યુગભુષણસુરી દ્વારા યોજાયેલી પ્રેસ કોન્સફરન્સમાં ઝારખંડ રાજ્યમાં શિખરજી તીર્થના વિવાદ અંગે ચર્ચા કરવામાં આવી જ્યાં સરકાર દ્વારા ધર્મમાં થતો વેધક હસ્તક્ષેપના આરોપ સાથે જૈનાચાર્યે જણાવ્યું કે, પ્રવાસન ક્ષેત્રે વેગ મળે તે માટે ભારત સરકાર તીર્થભુમિનું રક્ષણ ભુલી ગઈ છે. આવી તીર્થભૂમિઓને બચાવાના આશય સાથે પ્રેસ કોન્ફરન્સ કરવામાં આવી છે.

ઝારખંડ આવેલાં સમેદ શિખરજી પર નોનવેજ અને દારુ જેવી પ્રતિબંધિત વસ્તુઓનો ઉપયોગ ન થવો જોઈએ. સામાન્ય રીતે પર્યટન સ્થાનો પર લોકો ફરવા તેમ જ મનોરંજન માટે આવતા હોય છે. ત્યારે જો પ્રવાસનને વેગ આપવા માટે તીર્થભૂમિને પર્યટક સ્થળ બનાવાય તો પવિત્રતા સચવવાવી જોઈએ. ઉલેલ્ખનીય છે કે, જૈન ધર્મમાં કુલ ૨૪ તીર્થંકરો છે, જેમાંથી ૨૦ તીર્થંકરોએ સમ્મેદ શિખરથી મોક્ષ મેળવ્યો હતો. ત્યારે વર્ષ ૨૦૨૩માં ઉઠેલાં આ મુદ્દા બાદ આજે ફરી એક વાર આ મુદ્દો ગુજરાત સહિત દરેક રાજ્યમાં ગુંજી રહ્યો છે. ઝારખંડમાં આવેલાં પારસનાથ પર્વતની પવિત્રતા જાળવવા માટે ૩૧મી જુલાઈના રોજ સુનાવણી હાથ ધરાશે. આ પવિત્ર સ્થળને અપવિત્ર કરતી પ્રવૃત્તિઓને ઝારખંડ સરકાર દ્વારા તાકીદે બંધ કરવા કોર્ટના આદેશની માંગણી કરવામાં આવી છે.

ઝારખંડમાં આવેલાં પારસનાથ પર્વત જેને શિખરજી તરીકે પણ લોકો ઓળખે છે. આ જૈનો માટે પવિત્ર પુજનીય સ્થળ છે જ્યા ૨૪માંથી ૨૦ તીર્થંકરો અને જૈન સાધુઓએ નિર્વાણ પ્રાપ્ત કર્યુ છે. આ પાવન ભૂમિને ઝારખંડ સરકાર દ્વારા રુપિયા ૨ હજાર કરોડના ખર્ચે પર્યટન સ્થળ તરીકે વિકસાવવા પ્રયાસો હાથ ધર્યા છે. આ ઉપરાંત રોપ વે, પર્વત પર માંસાહાર પીરસવામાં આવે છે. તેવાં મુદ્રાઓ સાથે દર્શનાબેન શાહ નામની મહિલાએ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. રોપ વે નિર્માણ જૈનો પરંપરાગત રીતે ખુલ્લા પગે તીર્થયાત્રાને શ્રધ્ધાનું ચિન્હ માનતા હોવાથી પર્વત પર રોપ વે બનાવવા માટેના પ્રસ્તાવનો જૈન સમુદાય દ્વારા વિરોધ છે.

પર્વત પર સ્થિત શાળાઓ વિદ્યાર્થીઓને માંસાહારી ભોજન પીરસે છે, જે જૈન સમુદાય માટે તદન અસ્વીકાર્ય છે અને પર્વતની પવિત્રતા માટેની ચિંતાઓને વધારે છે.આ સમગ્ર મામલે દર્શનાબેન શાહ, જે મુખ્ય મામલામાં પણ એક અરજીકર્તા છે. તેઓ પવિત્ર પારસનાથ પર્વતની પવિત્રતાની રક્ષા માટે અત્યંત સમર્પિત છે. છેલ્લા ૩૦ વર્ષથી સતત ઉપવાસ કરી રહ્યા છે. ત્રણ દિવસ સુધી ફક્ત ઉકાળેલા પાણી અને ચોથા દિવસે એક વખત ભોજન લે છે.

### સંસદમાં ઊંઘવાના આક્ષેપનો મનસુખ વસાવાનો લૂલો બચાવ

# અમે આંખો મીચી મંથન કરતા હોઈએ છીએ, કાંઈ ઊંઘતા નથી હોતા !

**મને હરાવવા મારી જ પાર્ટીના લોકોએ આકાશ-પાતાળ એક કર્યું હતું : વસાવાનો ભાજપ ઉપર જ આક્ષેપ**



અમદાવાદ, તા.૩૧

તાજેતરમાં આમ આદમી પાર્ટીની જિલ્લા સંકલન મિટિંગ છોટાઉદેપુર ખાતે યોજાઈ હતી, જેમાં ભરૂચ લોકસભાના સાંસદ મનસુખ વસાવા લોકસભામાં ઊંઘતા હોવાના મુદ્દે ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ પ્રતિક્રિયા આપી શાબ્દિક હુમલો કર્યો હતો. જેના જવાબમાં એક કાર્યક્રમમાં મનસુખ વસાવાએ આ બાબતે ભારે રોષ ઠાલવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સંસદ ભવનમાં અમે આંખો મીચી મંથન કરતા હોઈએ છીએ. હજુ એ રાજનીતિમાં પા પા પગલી છે. એ કેવું કામ કરે છે એ હવે ખબર પડશે.' આ બધા લોકો લોકસભાની ચૂંટણીમાં કેવા બણગા ફુકતા હતા અને જોર જોરથી બોલતા હતા કે અમે જ જીતવાના છે. મારા વિષે નેગેટિવ વાતો કરતા હતા. પણ એ લોકો કોઈ જગ્યા એ ફાવવાના નથી. સંસદ ભવનમાં અમે લોકો સાંભળતાં સાંભળતાં આંખો મીચી મંથન કરતા હોઈએ છીએ. આવા પાર્લામેન્ટમાં ઘણા લોકો હોય છે. જે આંખ બંધ કરી મંથન કરી સાંભળતા હોય છે, એ લોકો કાંઈ ઊંઘતા ના હોય.

વધુમાં તેમણે જણાવ્યું કે, એને તો સમય જ બતાવશે હજુ તો એણે રાજનીતિમાં પા પા પગલી જ ભરી છે. એ ધારાસભ્ય તરીકે કેવું કામ કરે છે એ હવે ખબર પડશે. આ જે છે એ ઉતાવળિયો નિર્ણય છે. ચૂંટણી વિશે પૂછતાં તેમણે જણાવ્યું હતું કે, ભાજપના નેતા, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને સંગઠનો બધાએ મને હરાવવા આકાશ પાતાળ એક કરી નાખ્યું. આ જ લોકો આને સપોર્ટ કરે છે. મને હરાવવા સખત મહેનત કરી પણ એમનો પત્તો લાગ્યો નહિ અને અમે ખૂબ મહેનત કરી આ સીટ જીત્યા છીએ. મને હરાવવા મારી જ પાર્ટીના લોકોએ પ્રયત્નો કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, ૨ દિવસ પહેલાં છોટાઉદેપુર દરબાર હોલ ખાતે આમ આદમી પાર્ટીની જિલ્લા સંકલન મિટિંગમાં મનસુખ વસાવા લોકસભામાં ઊંઘતા હોવાના મુદ્દે ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, મનસુખભાઈએ છેલ્લાં ૩૦ વર્ષથી લોકસભામાં ઊંઘવાનું જ કામ કર્યું છે. ભરૂચ અને નર્મદામાં શેના ઉજાગરા થાય છે, જેથી લોકસભામાં નીંદર કાઢે છે. મનસુખભાઈની ઘણી ઉંમર થઈ છે, અમે તો ત્યારે પણ કહ્યું હતું કે અમારા જેવા યુવાનને તક આપો.

ચૈતર વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે, અમે જનતાને પણ અપીલ કરી હતી કે મનસુખદાદાની તબિયત નાદુરસ્ત રહે છે, પોતે દોડી નથી શકતા, કામ કરી નથી શકતા છતાંય મનસુખભાઈ ચૂંટાયા છે, જીત્યા છે. ત્યારે હું માનું છું કે મનસુખભાઈના નર્મદા ભરૂચમાં શેના એટલા બધા ઉજાગરા થાય છે કે તેઓ જ્યાં બજેટની ચર્ચા થતી હોય ત્યાં બેસીને નીંદર કાઢે છે. મજાની વાત તો એ છે કે મનસુખભાઈ છેલ્લાં ૩૦ વર્ષમાં બસ દિલ્હી જઈને લોકસભામાં ઊંઘવાનાં જ કામ કર્યા છે. એના લીધે જ આજે ભરૂચ અને નર્મદા જિલ્લાના લોકોનાં કામો થયાં નથી.

# જ્ઞાન સહાયકની અરજીમાં ખોટી વિગત આપી તો પાંચ વર્ષ માટે ગેરલાયક ઠેરવાશે

અમદાવાદ, તા.૩૧

રાજ્યમાં હાલમાં જ્ઞાન સહાયકની ભરતી માટેની કાર્યવાહી ચાલી રહી છે, જેને લઈને શિક્ષણ વિભાગ દ્વારા સુચનાઓ જાહેર કરી છે. જે અનુસાર ઉમેદવાર દ્વારા જ્ઞાન સહાયક બનવા માટે ખોટી માહિતી આપવામાં આવી હોવાનું માલુમ પડશે તો તેને પાંચ વર્ષ સુધી ઉમેદવારી માટે ગેરલાયક ઠેરવવામાં આવશે. ઉપરાંત બનાવટી દસ્તાવેજ અથવા તો ડોક્યુમેન્ટ સાથે ચેડા કર્યા હોવાનું જણાશે તો તેમની સામે ફોજદારી દાખલ કરવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયકોની કરાર આધારિત ભરતી માટે હાલમાં ઓનલાઈન અરજી કરવાની કાર્યવાહી ચાલી રહી છે. જેમાં ૫ ઓગસ્ટ સુધી ઓનલાઈન અરજી કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જ્ઞાન સહાયક માધ્યમિક માટે પસંદગી યાદી ઉમેદવારના દ્વિસ્તરીય શિક્ષક અભિરૂચિ કસોટી- ૨૦૨૩માં મેળવેલા ગુણના આધારે તૈયાર કરવામાં આવશે. ઉમેદવારોએ જે વિષય અને માધ્યમની પરીક્ષા પાસ કરેલી હોય તે જ વિષય અને માધ્યમની ખાલી જગ્યાઓની યાદીમાંથી શાળાની પસંદગી કરી અને અગ્રીમતાક્રમ આપવાનો રહેશે. કોઈ ઉમેદવાર બનાવટી દસ્તાવેજો રજુ કરશે કે દસ્તાવેજો સાથે ચેડાં કરીને રજુ કરવામાં આવશે તો તેમની સામે નિયમોનુસાર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે અને જરૂર જણાયે ફોજદારી ગુનો પણ દાખલ કરવામાં આવશે. જો ઉમેદવારે આપેલી માહિતી ખોટી, અધૂરી અથવા ભુલ ભરેલી ઠરશે તો ભવિષ્યમાં ભરતી અને સેવાના કોઈ પણ તબક્કે ગેરલાયક ઠેરવવામાં આવશે. જો માહિતી ખોટી, અધૂરી, ભુલભરેલી હશે તો અરજી રદ થયેલી ગણાશે અને આવા ઉમેદવારને ભવિષ્યમાં પાંચ વર્ષ માટે ઉમેદવારી માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.

### સાયબર ફ્રોડ : જીવનભરની બચત ક્ષણભરમાં જતી રહી

**સાવધાન**

# મહિલાએ ચાલુ ફોનમાં એક નંબર દબાવ્યો અને ખાતામાંથી ૬૦ લાખ રૂપિયા ઉપડી ગયા

અમદાવાદ, તા.૩૧

ભારતમાં ફોનનો ઉપયોગ કરીને ફ્રોડ આચરનારાઓનો ત્રાસ એટલો વધી ગયો છે કે લોકો પોતાની આખા જીવનની બચત આવા ફ્રોડમાં ગુમાવે છે. એટલું જ નહીં, આ ધૂતારાઓ હવે એટલા આધુનિક બની ગયા છે કે તેઓ આઈવીઆર - એટલે કે ઓટોમેટેડ ઈન્ટરેક્ટિવ વોઈસ રિસ્પોન્સનો ઉપયોગ કરીને લોકો સાથે ઠગાઈ કરીને બેન્ક એકાઉન્ટ ખાલી કરી નાખે છે.

ગાંધીનગરની એક મહિલા ઉપર ફોન આવ્યો હતો જેમાં તેને કહેવામાં આવ્યું કે તમારા નામે એક લીગલ નોટિસ આવી છે. તમારે વધુ જાણવું હોય તો નંબર ૨ દબાવો. મહિલાએ કૂતુહલવશ ફોનના ડિસ્પ્લે પર ૨ નંબર દબાવ્યા તો તરત તેના ખાતામાંથી લગભગ ૬૦ લાખ રૂપિયા ઉપડી ગયા હોવાનો મેસેજ મળ્યો હતો. ૬૫ વર્ષના મહિલાએ જીવનભરમાં જે મહેનત કરી હતી તે આ રીતે ચોરાઈ ગઈ.

મહિલાનું કહેવું છે કે તેણે કીપેડ ઉપર નંબર દબાવતા જ તેના નામે એક પછી એક ટ્રાન્ઝેક્શન થવા લાગ્યા અને ખાતામાંથી રૂપિયા ઉપાડી લેવાયા. તેનું કહેવું છે કે તેમણે કોઈપણ વેબ લિંક ઉપર ક્લિક નહોતી કરી. સાયબર સેલના એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ માહિતી આપી હતી. સાયબર ફ્રોડમાં હવે નવી નવી ટ્રિક આવતી જાય છે. તેમાં આઈવીઆરનો ઉપયોગ વધ્યો છે. આવી બધી વાતોથી અજાણ લોકોને ફોન આવે છે પછી ચેતવણી અપાય છે કે તમારી સામે લીગલ કેસ થવાનો છે, અથવા કોઈ ફરિયાદ થઈ છે, તમારો માલ કસ્ટમમાં પડ્યો છે, અથવા અમે ટેલિકોમ કંપનીમાથી, કુરિયર સર્વિસમાંથી બોલીએ છીએ, કે પછી વીજ કંપનીમાંથી ફોન કરીએ છીએ એવું કહેવામાં આવે છે. જ્યારે તેમની સૂચતા મુજબ કી પેડ દબાવવામાં આવે ત્યારે એકાઉન્ટમાંથી નાણાં ઉઠાવાઈ જાય છે.

પોલીસનું કહેવું છે કે કીપેડ ઉપર ચોક્કસ બટન દબાવવાથી ફ્રોડ કરનારાઓને એક્સેસ મળી જાય છે. તમારા ફોન સાથે જે મોબાઈલ નંબર લિંક કરેલો હોય તેમાં આવું વધારે થાય છે. જે લોકો બેક્િંગ કરવા માટે મોબાઈલ એપનો ઉપયોગ કરતા હોય તેમની સાથે પણ આવું થઈ શકે છે. ત્યાર પછી ફ્રોડ કરનારાઓ જુદા જુદા એકાઉન્ટમાં નાણાં ટ્રાન્સફર કરી નાખે છે. પીડીતને આખી વાતની ખબર પડે ત્યાં સુધીમાં એક પછી એક ટ્રાન્ઝેક્શન થાય છે અને બીજા-ત્રીજા ખાતામાં જતા રહે છે. તેથી તેનું પગેરૂ શોધવું મુશ્કેલ બની જાય છે. આમ તો તમે ટ્રાન્ઝેક્શન કરો ત્યારે ઓટીપી આવતો હોય છે, પરંતુ ફ્રોડ કરનારાઓ તમારા ફોનને પણ કન્ટ્રોલ કરી લે ત્યારે તેમના માટે ઓટીપી મેળવવો મુશ્કેલ નથી હોતો. પોલીસનું કહેવું છે કે આઈવીઆર ફ્રોડ બહુ આધુનિક છે અને તેઓ એઆઈનો ઉપયોગ કરીને પોતાનું કામ પાર પાડે છે. તેથી સામેથી રિયલમાં કોઈ વ્યક્તિ હોય તે પણ જરૂરી નથી. પોલીસની સલાહ છે કે કોઈ પણ શંકાસ્પદ નંબર ઉપરથી કોલ આવે તો આવા કોલને જવાબ ન આપવો, તેમણે કોઈ લિંક મોકલાવી હોય તો તેના ઉપર ક્લિક ન કરવું. ઘણી વખત સામેથી કોલ કરતી વ્યક્તિ રિમોટ એક્સેસ કરવા માટે પીડીતનને કોઈ એપ ડાઉનલોડ કરવા માટે કહે છે. પરંતુ તમારે આમાંથી કંઈ કરવું ન જોઈએ.

### ગરીબ પરિવારોને વાજબી ભાવે મળતા મીઠાની અછત સર્જાવાની ભીતિ

# રાજ્યમાં આઈટમ 'સી' કેટેગરીના મીઠાનું લોડિંગ બંધ કરાતા ૨૦૦ કરોડનો મરણતોલ ફટકો પડવાની સંભાવના


**છેલ્લા બે વર્ષમાં ખારાઘોડા, હળવદ, સાંતલપુર સ્ટેશનથી ૨,૭૮,૫૦૦ ટન મીઠાનું લોડિંગ થયું હતું જે હવે બંધ થઈ જતાં ઉદ્યોગ મુશ્કેલીમાં મૂકાયો, નિર્ણયથી મીઠાના મોટા ઉત્પાદકોને ડાયરેક્ટ મોટો લાભ થશે**



સુરેન્દ્રનગર, તા.૩૧

ગુજરાતના મીઠા ઉદ્યોગમા આઈટમ ''સી''નું લોડીંગ બંધ કરાતા રૂા.૨૦૦ કરોડનો મરણતોલ ફટકો પડવાની ભીતિ વ્યકત કરવામાં આવી છે. આ ''સી'' કેટેગરી મીઠાના લોડીંગથી દેશના ગરીબ પરિવારોને વાજબી ભાવથી મીઠું મળતું હતું છેલ્લા છેલ્લા બે વર્ષમાં ખારાઘોડા, સાંતલપુર, હળવદ અને આડેસર સ્ટેશનથી છેલ્લા બે વર્ષમાં ૨૭,૮૫,૦૦૦ ટન મીઠાનું લોડીંગ થયું હતું, જે હવે સદંતર બંધ થઈ જતા મીઠા ઉદ્યોગ મુશ્કેલીમા મૂકાયો છે. ગુજરાત એ દેશનું ૭૦ ટકા મીઠું પકવે છે. એમાંથી ૩૫ ટકા જેટલું મીઠું તો એકમાત્ર ઝાલાવાડ પંથકમાં પાકે છે. ત્યારે ગુજરાતના મીઠા ઉદ્યોગમા આઈટમ ''સી''નું લોડીંગ બંધ કરાતા રૂા.૨૦૦ કરોડનો મરણતોલ ફટકો પડવાની ભીતિ વ્યકત કરવામાં આવી છે. મીઠાના વેપારીઓના જણાવ્યાનુસાર ભારત સરકારના મનસ્વી નિર્ણયના કારણે આઈટમ C કોટા રેકોનું લોડીંગ બંધ કરવામાં આવ્યું છે. તા.૧૪/૬/૨૪થી ખારાઘોડા, હળવદ, સાંતલપુર અને આડેસર આ ચાર સ્ટેશનથી નાના-નાના વેપારીઓ એકબીજા ભેગા થઈ C કેટેગરી મીઠું કે જે દેશના ગરીબ અને મધ્યમ પરિવારોને વાજબી ભાવથી મીઠું મળી રહેતુ હતું. પરંતુ આ સરકારના આવા આંધળા નિર્ણયને કારણે મીઠાનું વહન અટકી ગયું છે. આ અંગે ગ્રીષ્માના ઉપપ્રમુખ હિંગોરભાઈ રબારીએ જણાવ્યું હતું કે, જો C પ્રાયોરિટી જૂન-૨૦૨૨થી જૂન-૨૦૨૪ સુધીમાં ખારાઘોડાથી ૩૬૮ રેક લોડ થયેલ છે. જ્યારે સાંતલપુરથી જૂન-૨૦૨૨થી જૂન-૨૦૨૪ સુધીમાં ૩૫૮ રેક અને હળવદથી જૂન-૨૦૨૨થી જૂન-૨૦૨૪ સુધીમાં ૨૭૩ રેકનું અને આડેસરથી આ બે વર્ષમાં ૧૧૫ રેકોનું લોડીંગ થયેલું છે. જેમાં કુલ રેક દ્વારા અંદાજે ૨૭,૮૫,૦૦૦ ટન મીઠાનું લોડીંગ છેલ્લા બે વર્ષમાં થયેલું છે. આ મીઠું એકાએક બંધ થવાના કારણે દેશમાં 'સી' કેટેગરીના મીઠાની અછત થવાના એંધાણ દેખાઈ રહ્યાં છે. આ બાબતે મીઠાના વેપારીઓએ ભારત સરકારના જવાબદાર અધિકારીઓ અને રેલવે તંત્રનું ધ્યાન દોરેલ છે. પરંતુ કોઈ જ જવાબ મળતો નથી. આ નિર્ણયના કારણે મીઠાના મોટા ઉત્પાદકોને ડાયરેક્ટ મોટો લાભ થવા જઈ રહ્યો છે. આ નિર્ણયના કારણે ખારાઘોડા, સાંતલપુર, હળવદ અને આડેસરના મીઠાના અગરિયાઓ ઉપર પણ આડઅસર થશે. અને અગરીયા પરિવાર તેમજ લોડીંગ સાથે જોડાયેલા મજૂરો પણ બેકાર બનશે. ગાંધીએ ચપટી મીઠું મુઠ્ઠીમાં ઉપાડી બ્રિટિશ હુકુમતના પાયા હચમચાવી નાખ્યા હતા. આજે એક સમયનો ગુજરાતનો ગૌરવ સમો મીઠા ઉદ્યોગ મૃતપાય હાલતમાં મૂકાયો છે. ખારાઘોડામાં આ વર્ષે વિક્રમજનક ૧૮.૫ લાખ મેટ્રિક ટન મીઠાની આવક નોંધાઈ છે અને જૂનો સ્ટોક ૧.૫૦ લાખ મેટ્રિક ટન મીઠાનો સ્ટોક પડ્યો છે. ત્યારે બીજીબાજુ મીઠાનું સી લોડીંગ બંધ થતાં મીઠા ઉદ્યોગ મૃતપાયના આરે પહોંચ્યો છે. જેની સીધી અસર હજારો અગરીયા પરિવારોને પણ થશે.

### ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીતવા બદલ મનુ ભાકરને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, અદ્ભુત સિદ્ધિ



(એજન્સી) તા.૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મનુ ભાકરને પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ૧૦ મીટર એર પિસ્તોલ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીતીને ભારતની મેડલ ટેલીની શરૂઆત કરવા બદલ અભિનંદન પાઠવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ ભારત માટે ઐતિહાસિક મેડલ છે. આ એક અકલ્પનીય સિદ્ધિ છે. આ સફળતા વધુ વિશેષ મહત્ત્વ ધરાવે છે. મનુ ભાકર ભારત માટે શૂટિંગમાં મેડલ જીતનારી પ્રથમ મહિલા બની છે. આ પહેલા રાષ્ટ્રપતિએ કહ્યું કે શૂટિંગ ઈવેન્ટમાં ઓલિમ્પિક મેડલ જીતનારી તે પ્રથમ ભારતીય મહિલા છે. તેમણે કહ્યું કે ભારતને મનુ ભાકર ઉપર ગર્વ છે. તેણીની જીત ઘણા ખેલાડીઓ, ખાસ કરીને મહિલાઓને પ્રેરણા આપશે. રાષ્ટ્રપતિએ મનુ ભાકરને ભવિષ્યમાં નવી ઊંચાઈઓ ઉપર પહોંચવા માટે શુભેચ્છા પાઠવી હતી.

# કમલા હેરિસ અમેરિકાને ગુના, અરાજકતા, અશાંતિ અને મૃત્યુ તરફ દોરી જશે : ટ્રમ્પ



વોશિંગ્ટન, તા.૩૧

'કમલા હેરિસ યુ.એસ.ને ગુના, અરાજકતા, અરાજકતા અને મૃત્યુ તરફ દોરી જશે' એવું જણાવતા ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે, ૨૦૨૪ની રાષ્ટ્રપતિની ચૂંટણીની ઝુંબેશ નિર્ણાયક અંતિમ ૧૦૦ દિવસના તબક્કામાં પ્રવેશી રહી હોવાથી તેના ડેમોક્રેટિક પ્રતિસ્પર્ધી પર તેના હુમલાઓને વધુ તીવ્ર બનાવશે. વર્તમાન પ્રમુખ જો બાઈડેન ૮૧, રેસમાંથી ખસી ગયા બાદ ઉપરાષ્ટ્રપતિ હેરિસ ૫૯, ડેમોક્રેટિક પાર્ટીના નવા રાષ્ટ્રપતિ ઉમેદવાર છે. ટ્રમ્પ કે જે પૂર્વ યુએસ પ્રમુખ અને ૨૦૨૪ના રિપબ્લિકન પ્રમુખપદના ઉમેદવાર છે તેમણે તેમના નવા મુખ્ય હરીફ હેરિસને મિનેસોટામાં યોજાયેલી રેલીમાં તેમના સાથી સેનેટર જેડી વેન્સ સાથે રાષ્ટ્રપતિ બાઈડેન કરતા પણ ખરાબ તરીકે ચિતર્યા હતા. ૭૮ વર્ષીય ટ્રમ્પે કહ્યું, 'અતિ-ઉદારવાદી કમલા હેરિસ આપણા દેશને ગુના, અરાજકતા, અરાજકતા અને મૃત્યુ તરફ દોરી જશે. હું અમેરિકામાં કાયદો અને વ્યવસ્થા, ન્યાય પુર્નઃ સ્થાપિત કરીશ.' ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં તેમના પહેલા જ દિવસે કહ્યું હતું કે, તેઓ બાઈડેન-હેરિસ એડમિનિસ્ટ્રેશનની ખુલ્લી સરહદ નીતિને સમાપ્ત કરશે.

તેમણે કહ્યું, 'અમે સરહદ સીલ કરીશું અને અમે આપણા દેશમાં ભયાનક આક્રમણ અટકાવીશું. અમેરિકન રાજકારણમાં બોર્ડર ઝાર હેરિસ કરતાં ખુલ્લી સરહદના ઉત્સાહી કોઈ વ્યક્તિ નથી.' તેણે હેરિસના રાજકીય રેકોર્ડની નિંદા કરતા કહ્યું કે, તેમણે કાઉન્ટી ડિસ્ટ્રિક્ટ એટર્ની તરીકે 'સાન ફ્રાન્સિસ્કોનો દાટ વાળ્યો હતો.' તેમણે આક્ષેપ કર્યો કે, 'કમલા હેરિસ મૂળ માર્ક્સવાદી ડિસ્ટ્રિક્ટ એટર્ની હતી. તેમણે સાન ફ્રાન્સિસ્કોનો નાશ કર્યો અને તે આપણા દેશને નષ્ટ કરશે.' તેમણે કહ્યું કે, 'આ નવેમ્બરમાં અમેરિકન લોકો કમલા હેરિસના ઉન્મત્ત ઉદારવાદી ઉગ્રવાદને સંપૂર્ણપણે નકારવા જઈ રહ્યા છે. અમે તેમને યુનાઈટેડ સ્ટેટ્સને સામ્યવાદી સાન ફ્રાન્સિસ્કોમાં ફેરવવા દઈશું નહીં.' તેમણે આરોપ લગાવ્યો કે, 'હેરિસ એટલી આત્યંતિક અને જડસું છે કે, તેણે 'ગેરકાયદેસર એલિયન' અને 'કટ્ટરપંથી ઈસ્લામિક આતંકવાદ' શબ્દોને પ્રતિબંધિત અને અસ્વીકાર્ય જાહેર કર્યા છે.' તેમને 'કટ્ટરપંથી ડાબેરી પાગલ' તરીકે વર્ણવતા ટ્રમ્પે આક્ષેપ કર્યો હતો કે, હેરિસ 'અમેરિકન ઈતિહાસમાં સૌથી અસમર્થ, અપ્રિય અને કટ્ટર ડાબેરી ઉપરાષ્ટ્રપતિ છે, કદાચ અમેરિકન ઈતિહાસમાં સૌથી કટ્ટર ડાબેરી વ્યક્તિ છે.' ટ્રમ્પે ગર્ભપાત, બંદૂકની નીતિ, આબોહવા પરિવર્તન, હકદારી કાર્યક્રમો અને ફુગાવાના વિષયો પર હેરિસની ટીકા કરી. તેમણે હેરિસના હાસ્યની પણ મજાક ઉડાવી, એવો દાવો કર્યો કે, મીડિયા હેરિસને 'માર્ગારેટ થેચર' તરીકે દર્શાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, જે સ્વ. બ્રિટિશ વડાપ્રધાનનો ઉલ્લેખ કરે છે, પરંતુ તે 'તે થવાનું નથી,' કારણ કે, 'માર્ગારેટ થેચરનું હાસ્ય એવું નથી.' તેમણે દાવો કર્યો કે, કમલા હેરિસના પ્રમુખપદનો અર્થ એ છે કે, વધુ ચાર વર્ષ ઉગ્રવાદ, નબળાઈ, નિષ્ફળતા, અરાજકતા અને કદાચ ત્રીજુ વિશ્વયુદ્ધ જોવા મળશે. તેમણે કહ્યું, 'કમલા ગુનેગારો અને ગેરકાયદેસર એલિયન્સ માટે પ્રમુખ બનવા માંગે છે. હું દરેક જાતિ, ધર્મ, રંગ અને સંપ્રદાયના કાયદાનું પાલન કરનાર અમેરિકનોના પ્રમુખ બનવા માંગુ છું. હેરિસ એટલી આત્યંતિક અને જડસું છે કે, તેણે 'ગેરકાયદેસર એલિયન' અને 'કટ્ટરપંથી ઈસ્લામિક આતંકવાદ'ને પ્રતિબંધિત અને અસ્વીકાર્ય શબ્દો તરીકે જાહેર કર્યા છે. તમને તે શબ્દોનો ઉપયોગ કરવાની મંજૂરી નથી, પરંતુ તે તે જ છે.' તેમણે કહ્યું કે, જો હેરિસ ચૂંટાય છે તો તે ગાઝામાં હમાસ-નિયંત્રિત આતંકવાદી કેન્દ્રના શરણાર્થીઓથી આપણા દેશને છલકાવી દેશે. ટ્રમ્પે કહ્યું કે, 'કમલા હેરિસ દ્વારા અમેરિકાની સરહદોનો ઘાતક વિનાશ તેના પ્રમુખ બનવા માટે સંપૂર્ણપણે અને સંપૂર્ણપણે ગેરલાયક છે. તમે આના જેવી વ્યક્તિ પ્રમુખ તરીકે ન રાખી શકો. કોઈપણ વ્યક્તિ જે જાણીજોઈને આપણા યુવાનો અને આપણા લોકોનો શિકાર કરવા માટે આ પ્રકારના ક્રૂર ગુનેગારોને છોડે છે, માત્ર યુવાનો જ નહીં, વૃદ્ધ લોકો પણ તેના લક્ષ્યાંક છે, તેની સત્તા ઉપર ક્યારેય વિશ્વાસ કરવો જોઈએ નહીં. તેમની પાસે કોઈ ઉકેલ નથી. તે દુષ્ટ છે.' રાષ્ટ્રપતિ પદ માટે હેરિસના પ્રવક્તા સરાફિના ચિતિકાએ મિનેસોટામાં તેમના ભાષણ માટે ટ્રમ્પની ટીકા કરી હતી. ચિતિકાએ કહ્યું, 'આજની રાતે મિનેસોટામાં એક કડવો, નિરંકુશ, ૭૮ વર્ષનો દોષિત ગુનેગાર ૨૦૨૦ની ચૂંટણી વિશે તેના જૂઠાણાને વળગી રહ્યો, જે તે 'ધાંધલ-ધમાલથી' હારી ગયો, તેમણે તેમના પૂર્વ પ્રતિસ્પર્ધી વિષે એલફેલ શબ્દો બોલ્યા અને ગોલ્ફ રમવામાં રચ્યો પચ્યો રહ્યો અને તે શા માટે વાઈસ પ્રેસિડેન્ટ હેરિસ સાથે ચર્ચા કરવામાં ડરતો હતો તે માટે બહાનું કાઢ્યું. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, જો હારી જશે તો આપણો દેશ 'ખલ્લાસ' થઈ જશે. ગઈકાલે તેમણે વચન આપ્યું હતું કે, જો તેઓ જીતશે તો આપણી લોકશાહીનો અંત આવશે.'

તેમણે આક્ષેપ કર્યો કે, 'ટ્રમ્પે તેમના લક્ષ્યો સ્પષ્ટ કર્યા છે : તેમણે આપણને પછાત કરવા, આપણી લોકશાહીને નબળી પાડવા અને આપણી સ્વતંત્રતાઓને છીનવી લેવા માટે તેમનો પ્રોજેક્ટ ૨૦૨૫ એજન્ડા અમલમાં મૂકવાનો નિર્ણય લીધો છે. પરંતુ જેમ તેમણે કહ્યું, 'ગુનેગાર એક ગુનેગાર છે, તેઓ સામાન્ય રીતે ગુનેગાર જ રહે છે' મતદારો ધિક્કાર અને વિભાજનની રાજનીતિને નકારવા, મધ્યમ વર્ગનો વિકાસ કરવા અને દોષિત ગુનેગાર ડોનાલ્ડ ટ્રમ્પ વ્હાઈટ હાઉસની નજીકમાં ક્યાંય ન ફરકે તેની ખાતરી કરવા માટે એકજૂટ થશે.

### ચાર વર્ષમાં તમારે ફરી વોટ આપવાની જરૂર નહીં પડે : ડોનાલ્ડ ટ્રમ્પનો ખ્રિસ્તીઓને વાયદો

(એજન્સી) તા.૩૧

અમેરિકામાં પાંચમી નવેમ્બરે યોજાનારી પ્રમુખપદની ચૂંટણી ઉપર તમામ દેશોની નજર છે. આ દરમ્યાન રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે વિચિત્ર નિવેદન આપ્યું છે. તેમણે ખ્રિસ્તીઓને કહ્યું છે કે,'જો પાંચમી નવેમ્બરમાં મને મત આપશો તો તમારે ફરીથી મતદાન કરવાની જરૂર નહીં પડે.' ફ્લોરિડામાં કન્ઝર્વેટિવ ગ્રુપ ટર્નિંગ પોઈન્ટ એક્શન દ્વારા આયોજિત એક કાર્યક્રમને સંબોધતા ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે,'ખ્રિસ્તીઓએ મોટી સંખ્યામાં બહાર આવવું જોઈએ અને મતદાન કરવું જોઈએ. આ વખતે મને મત આપશો પછી તમારે મત આપવાની જરૂર નહીં રહે. ચાર વર્ષમાં બધું ઠીક થઈ જશે. ઉલ્લેખનીય છે કે, અગાઉ ડિસેમ્બરમાં એક ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે કહ્યું હતું કે,'જો હું અમેરિકન પ્રમુખપદની ચૂંટણી જીતીશ, તો હું સરમુખત્યાર બનીશે. પરંતુ માત્ર એક દિવસ માટે કારણે કે, મેક્સિકો સાથેની દક્ષિણ સરહદ બંધ કરી શકુ અને તેલ ડ્રિલિંગનો વિસ્તાર કરી શકે. જો કે, આ નિવેદન ઉપર વિવાદ વધતાં ટ્રમ્પે તેને માત્ર મજાક ગણાવી હતી. ડેમોક્રેટિક પાર્ટીના નેતા કમલા હેરિસે ૨૬મી જુલાઈએ સત્તાવાર રીતે અમેરિકાના પ્રમુખપદની ચૂંટણી માટે પોતાની ઉમેદવારીની જાહેરાત કરી હતી. આ સાથે હેરિસે ડેમોક્રેટિક પાર્ટીની જીતનો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે અમેરિકામાં પાંચમી નવેમ્બર૨૦૨૪ના રોજ પ્રમુખ પદની ચૂંટણી યોજાવાની છે. ચૂંટણીમાં ૧૬ કરોડ મતદારો અમેરિકાના ૬૦માં પ્રમુખની પસંદગી કરશે. થોડા દિવસ પહેલાં જ પ્રમુખ જો બાઈડને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે કમલા હેરિસનું નામ જાહેર કર્યું હતું, ત્યારે હવે પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા અને તેમના પત્ની મિશેલ ઓબામાએ પણ હેરિસને સમર્થન આપવાની જાહેરાત કરી છે.

# જૂનાગઢ મહાનગરપાલિકામાં પાંચ વર્ષ સુધી ચુંટણી ન યોજવા અને વહીવટી શાસન લાવવા માંગણી

## વોર્ડ નં.૬ ના કોર્પોરેટર લલિતભાઈ પણસારા દ્વારા મુખ્યમંત્રીને કરાઈ લેખિત રજુઆત

જૂનાગઢ તા. ૩૧

જૂનાગઢ વોર્ડ નં.૬ ના કોર્પોરેટર લલિતભાઈ પણસારાએ ગુજરાત રાજયના મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરી જૂનાગઢ મનપાની પાંચ વર્ષ માટે ચુંટણી ન યોજવા અને વહીવટી શાસન લગાડવા માંગણી કરી છે. પત્રમાં જણાવાયું છે કે, છેલ્લા પાંચ વર્ષમાં ૨૦૧૯ થી ૨૦૨૪ સુધી જૂનાગઢ મનપામાં ભાજપની બોડી અસ્તિત્વમાં આવી હતી જેમાં ૬૦ સીટોમાંથી ૫૫ સીટો ભાજપાને મળેલ હતી. જૂનાગઢની જનતાએ ખુબ વિશ્વાસ મુકીને જંગી બહુમતી આપેલ હતી. રાજય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા ૧૫૬૦ કરોડની માતબર રકમની ગ્રાન્ટ જૂનાગઢના વિકાસ માટે આપેલ હતી. પરંતુ ભાજપના શાસકો દ્વારા ગેરરીતિ આચરી રકમ વેડફી નખવામાં આવેલ છે. મોટાભાગના પ્રોજેકટ સાકાર કરવામાં આવેલા છે તેની તપાસ કરવામાં આવે તો મોટી ગેરરીતિ બહાર આવે તેમ છે. આ કામો જોઈએ તો ભુગર્ભ ગટર ફેસ-૨, નરસિંહ મહેતા તળાવ, પીવાના પાણીની પાઈપલાઈન, સ્વીમીંગ પુલ, સાયકલ ટ્રેક, દોલતપરા ખાતે આવેલ બગીચા, કચરામાંથી સીએનજી બનાવવા, જોષીપરા અન્ડરબ્રીજ રીનોવેશન, રોડ રસ્તાના કામો માટે આશરે રૂા.૧૦૦ કરોડ જેટલી ગ્રાન્ટ ફાળવેલ છે જે અંગે પણ તપાસ કરવાની માંગણી કરી છે. લોકોના પ્રાથમિક સુવિધાના કામો ફરીયાદ કરવા છતાં પણ થતા નથી જેથી આ મહાનગરને રાજકીય લોકો મુકત પાંચ વર્ષ સુધી સારામાં સારા અધિકારીઓની દેખરેખ હેઠળ વહીવટી શાસન લાવવા જૂનાગઢની જનતાના હિતમાં નિર્ણય લઈ અનો ઉપરોકત તમામ બાબતે તપાસ કરી પાંચ વર્ષ સુધી ચુંટણી ન આપવા માંગણી કરી છે.

### પ્રો. જીવાભાઈ વાળાની કલેકટરને રજુઆત બાદ

## બરૂલા ગામે તળાવની ભેખડ ધોવાતા રસ્તાને થયેલ નુકશાનની મરામતની કામગીરી પુર્ણ કરાઈ

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા તા. ૩૧

સુત્રાપાડા તાલુકાના બરૂલા ગામે સુઝલામ સુફલામ હેઠળ બનાવેલ તળાવની વરસાદના કારણે ભેખડ ધસી જવાની આજુબાજુના ખેતરોને તથા બરૂલાથી આલીદ્રા જતા રસ્તાને નુકશાન થયું હતું. આ અંગે બરૂલા ગામના વતની અને ગીર સોમનાથ જીલ્લા ભાજપ બક્ષીપંચ મોર્ચાના પ્રમુખ પ્રો.જીવાભાઈ વાળાએ ગામની સુખાકારી અને ગામને નુકશાન ન થાય તેવા શુભ હેતુથી જીલ્લા કલેકટરનો રજુઆત કરતા જીલ્લા કલેકટર દ્વારા તાત્કાલીક સ્થળ તપાસ કરાવીનો યોગ્ય કરવાનું કહેતા તંત્ર દ્વારા તાત્કાલીક યુધ્ધના ધોરણે કામગીરી પુર્ણ કરેલ છે. પ્રો.જીવાભાઈ વાળાની આ સફળ રજુઆતથી રસ્તાની મરામતનું કામ પુર્ણ થતા ગામલોકોમાં આનંદની લાગણી ફેલાઈ છે.

## રાજેશ ઠકકર કરાટે એકેડેમી મુંબઈ દ્વારા ખંડાલા ખાતે ૮૫ મો કરાટે કેમ્પ યોજાશે

મુંબઈ તા. ૩૧

રાજેશ ઠકકર કરાટે એકેડેમી, મુંબઈ દ્વારા ઝારાસ રીસોર્ટ ખંડાલા ખાતે તા.૧૫ ઓગષ્ટ થી ૧૮ ઓગષ્ટ ૨૦૨૪ સુધી ૮૫ માં કરાટે કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કરાટે કેમ્પમાં સૌરાષ્ટ્ર-ગુજરાત તેમજ ભારતભરના બ્રાઉન તથા બ્લેક બેલ્ટ ધરાવતા સ્પર્ધકો જ ભાગ લઈ શકશે.

આ કરાટે કેમ્પમાં રાજેશ ઠકકર કરાટે એકેડેમીના ચીફ ઈન્સ્ટ્રકટર અને સેનસેઈ રાજેશ એલ. ઠકકર (૭ ડીગ્રી બ્લેક બેલ્ટ જાપાન) ના માર્ગદર્શન હેઠળ કિહોન, ગોજુ રીયુ કાતા, કાતા એપ્લીકેશન, માકીવારા, પોર્ટસ કરાટે અને પુલ ટ્રેનીંગ જેવી રાજય-રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ સમકક્ષ તાલીમ આપવામાં આવશે. આ કરાટે કેમ્પમાં ભાગ લેવા માંગતા સ્પર્ધકો તથા આ કેમ્પ અંગેની વધુ માહિતી મેળવવા માટે મિસ વાડીયા મો.૯૦૦૪૯ ૪૪૩૩૩ ઉપર સંપર્ક સાધવા એક યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ શહેરમાં ટી.પી. સ્કીમ ન લાવવા અંગે ભારતીય કિસાન સંઘના સંયોજક મનસુખભાઈ પટોળીયા દ્વારા મુખ્યમંત્રીને રજુઆત



જૂનાગઢ તા. ૩૧

ભારતીય કિશાન સંઘના સંયોજક મનસુખભાઈ પટોળીયા દ્વારા મુખ્યમંત્રીને પત્ર પાઠવી જૂનાગઢ શહેરને ટીપી સ્કીમમાં ન લાવવા માંગણી કરી છે. મુખ્યમંત્રીને પાઠવેલા પત્રમાં જણાવાયું છે કે જૂનાગઢ મનપાની જુડા કચેરી મારફત ટીપી યોજના ઝાંઝરડા નં.પ અને નંબર ૭ ની ટીપી સ્કીમ લાગુ કરવાની પ્રારંભિક યોજનામાં વિસંગતતા છે જે લાગુ કરવાથી ખેડુતોને નુકશાન થાય અને બિલ્ડરો તેમજ વેપારીઓને ફાયદો થાય તેવો ઘાટ ઘડાઈ રહયો છે. જૂનાગઢ એક નાનું શહેર છે ત્યાં કોઈ મોટા ઉદ્યોગો નથી જેથી એરપોર્ટ થાય તે રીતે ઉત્પાદન કરતી કોઈ મોટી ફેકટરી નથી તથા પાંચ દશ હજાર લોકોને રોજીરોટી મળે તેવી કોઈ કંપની નથી. જેથી જૂનાગઢ શહેરને ટી.પી. સ્કીમમાં લેવાની કોઈ જ જરૂરીયાત નથી. કાયદાનું ખોટું અર્થઘટન કરીને ખેડુતો પાસેથી મામુલી રકમમાં જમીન પડાવીનો આ યોજના લાગુ કરીનો તગડી કમાણી કરવાની જે પેરવી બિલ્ડર લોકો દ્વારા થઈ રહેલ છે તે અંગે જણાવેલ છે કે, જૂનાગઢનો એક માત્ર ઝાંઝરડા રોડ બિલ્ડરો દ્વારા ડેવલપ થયું છે તેમાં ઝાંઝરડા ગામની રેવન્યુ સર્વે નંબર વાળી, સરકારી ખરાબાની જમીન લાગુ ખાતા નં.૨૪૧ ના સર્વે નં.૩૩૮, ૪૬૧, ૧૫૦, ૫૫૨, ૧૯૧૦ તથા અન્ય ખરાબાની સરકારી જમીન એકવાયર કરીને મોટાપાયે કરોડોની કિંમતની જમીનોમાં ગેરકાયદેસર બાંધકામો થયા છે. ઝાંઝરડા ગામની ગૌચરની સર્વે નં.૪ ની ૪૦૦ વિઘા જમીન યેનકેન પ્રકારે વેંચાણ થયેલ છે. તેમજ ખરાબો, સરકારી પડતર જમીનમાં કેટલો અને કેવી રીતે બાંધકામ થયેલ છે તેની તપાસ સીટ દ્વારા થાય તેવી માંગણી કરી છે. ટીપી સ્કીમ પ અને ૭ માં પ્લોટ વેલીડેશનમાં મોટાપાયે ગોટાળા થયેલ છે. જેમાં ૨૯ જેટલા વેલીડેશન થયેલ છે તેમજ ૨૮ ખેડુતોની બીનખેતી સ્થગિત થયેલ છે તે ખરેખર ખેડુતોની બીનખેતી થયેલ નથી પરંતુ વેપારીએ ખરીદી કરેલી જમીનની બીનખેતી થયેલ છે જેથી આ ટીપી યોજના રદ થાય તો ખેડુતોને કોઈપણ પ્રકારનું નુકશાન નથી. ટીપી સ્કીમ પ અને ૭ ઝાંઝરડામાં ૯ જેટલા રીઝર્વેશન પ્લોટો મુકેલ હતા તે જુડા કચેરી દ્વારા કોઈપણ રીતે કાઢી નાખવામાં આવેલ છે. આમ ટીપી સ્કીમના રીઝર્વેશન પ્લોટો રદ કરાવીને સરકારને નુકશાન કરવાનું કામ જુડાના અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ હોવાનું પત્રના અંતે જણાવેલ છે.

# ગિરનાર પર્વત ઉપર આવેલ શ્રી વેલનાથ બાપુની સમાધી સુધી પગથીયાનો રસ્તો બનાવવા માંગ

## ચુંવાળીયા કોળી ઠાકોર સમાજ દ્વારા કલેકટરને આવેદનપત્ર અપાયું

જૂનાગઢ તા. ૩૧

જૂનાગઢ એટલે ઐતિહાસિક નગરી તપોભૂમિ સંત સુરા અને દાતારની નગરી જે ભૂમિ ઉપર આદી અનાદી કાળથી ગરવો ગિરનાર પર્વત આવેલો છે અને આ પર્વત ઉપર ઘણાં દેવી દેવતાઓ સંતોના પવિત્ર અને પાવન સ્થાનો આવેલા છે. આજ ગિરનાર ઉપર ૨૦૦૦ પગથીયા ઉપર નવ નાથ પૈકીના દશમા નાથ એટલે કે ચુંવાળીયા કોળી ઠાકોર સમાજના ધર્મગુરૂ અને જે સંત ઉપર અઢારેય વર્ણને આસ્થા છે એવા સંત શિરોમણી વેલનાથ બાપુની ૬૦૦ વર્ષ જુની આરાધ્ય ચૈતન્ય સમાધિ આવેલી છે જયાં લાખો શ્રધ્ધાળુઓ દર્શન કરવા માટે આવે છે અને આ સમાધી ગિરનારના ૨૦૦૦ પગથીયાના મુખ્ય માર્ગથી ફકત થોડા અંતરે જ દુર છે પણ સમાધી સુધી પહોંચવા માટેનો રસ્તો પથરાળ છે જેથી સમાધી સુધી પહોંચવા માટે શ્રધ્ધાળુઓને ખુબ મુશ્કેલી પડે છે. આ બાબતે અત્યાર સુધીમાં સરકારશ્રી પાસે ઘણી રજુઆતો કરવામાં આવી છે પણ હજુ કોઈ નકકર પગલા લેવામાં આવ્યા નથી. આ માટે ચુંવાળીયા કોળી સમાજના એક પ્રતિનિધિ મંડળ દ્વારા ગાંધીનગર સચિવાલય ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજુઆત કરવામાં આવી હતી અને સચિવાલય ખાતેથી જૂનાગઢ સ્થાનિક કલેકટરને આ અંગે રજુઆત કરવા કહેવામાં આવેલ અમારી સરકારશ્રી પાસે એટલી જ માંગણી છે કે ૬૦૦ વર્ષ જુની



સંત વેલનાથ બાપુની સમાધીનો એક ધાર્મિક પવિત્ર યાત્રાધામ તરીકે સરકારી રેકર્ડ પર સમાવેશ કરીને શ્રી વેલનાથ બાપુની સમાધી સુધી પહોંચવા માટે થોડા પગથીયા બનાવી આ સ્થળે ગત વર્ષે જ ગુજરાત સરકાર દ્વારા ગિરનાર નવીનીકરણ પ્રોજેકટ માટે મોટી રકમ મંજુર કરવામાં આવી છે તો આ પ્રોજેકટમાં સંત શ્રી વેલનાથ બાપુની સમાધીના પગથીયાનું કામ સામેલ કરવાની માંગણી સાથે તા.૨૯-૭-૨૪ના રોજ ચુંવાળીયા કોળી ઠાકોર સમાજ ગુજરાતના આગેવાનો દ્વારા જૂનાગઢ જીલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ પ્રસંગે અગ્રણી બટુકભાઈ મકવાણા, કાળુભાઈ કડીવાર, હિતેષભાઈ ઠાકોર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા.

# ભૂતપૂર્વ રણજી ટ્રોફી પ્લેયર નરેશ પરસાણાનું દુઃખદ અવસાન



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૩૧

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના ભૂતપૂર્વ રણજી ટ્રોફી પ્લેયર સ્વ.શ્રી નરેશભાઈ પરસાણાના દુઃખદ અવસાનથી સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનમાં દરેકને ખૂબ જ દુઃખ છે. તેઓ ગઈકાલે રાજકોટ ખાતે સ્વર્ગસ્થ લેવા માટે રવાના થયા હતા. નરેશભાઈ ૭૦ વર્ષના હતા. નરેશ પરસાણા શ્રેષ્ઠ ઓલરાઉન્ડર, મધ્યમ ઝડપી બોલર, ઓફ સ્પિનર અને ઉપયોગી હાર્ડ હિટિંગ બેટ્સમેનમાંના એક હતા. તેણે ૫૪ રણજી ટ્રોફી મેચોમાં સૌરાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કર્યું, રણજી ટ્રોફીમાં ૧૩૭ વિકેટ લીધી અને ૧૪૩૬ રન બનાવ્યા. તેણે ૧૯૭૧-૭૨માં ૧૭ વર્ષની ઉંમરે રણજી ટ્રોફીમાં ડેબ્યૂ કર્યું હતું. તે વેસ્ટ ઝોન અંડર ૧૯, વિઝી ટ્રોફી, દુલીપ ટ્રોફી પણ રમ્યો હતો. નિરંજનભાઈ શાહ, પૂર્વ પૂ. બીસીસીઆઈના સેક્રેટરીએ કહ્યું, “ખરેખર એ દુઃખદ છે કે નરેશભાઈ હવે અમારી વચ્ચે નથી. તે એક મહાન ક્રિકેટર હતો જેમાં બોલર અને બેટ્સમેન તરીકેની અદભૂત પ્રતિભાઓ હતી." નરેશભાઈના દુઃખદ અવસાન ઉપર સૌરાષ્ટ્રી ક્રિકેટ એસોસિએશનમાં દરેક જણ હૃદયપૂર્વક શોક વ્યક્ત કરે છે અને તેમના ઉમદા આત્માને શાશ્વત શાંતિ આપે તેવી પ્રભુને પ્રાર્થના કરે છે.

# સ્વ.વિઠલભાઈ રાદડીયાની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે માં કૃપા ગૃપ દ્વારા બટુક ભોજન કરાવવામાં આવ્યું



(હરપાલિસિંહ દ્વારા)

જામ કંડોરણા, તા.૩૧

સ્વ.વિઠલભાઈ રાદડિયાની પાંચમી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તો માં કૃપા ગ્રુપ દ્વારા જામકંડોરણાના પછાત વિસ્તારમાં બાળકોને બટુક ભોજન કરાવવામાં આવ્યું હતું જેમાં જામકંડોરણાના ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી જયેસભાઈ રાદડિયા,તાલુકા પંચાયત પ્રમુખ પ્રાણભાઈ ત્રાડા, રાજકોટ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ ગોવિંદભાઈ રાણપરિયા, જામકંડોરણા રાજપૂત સમાજ પ્રમુખ તેજુભા જાડેજા, યાર્ડ ચેરમેન જસમાતભાઈ કોયાંણિ, વાઈસ ચેરમેન ચંદુભા ચોહાણ, જામકંડોરણા સરપંચ બાવનજીભાઈ બગડા, વેપારી અગ્રણી નાથાભાઈ બાલધા, ભાજપ મહામંત્રી ગૌતમભાઈ વ્યાસ, આશિષભાઈ કોયાણિ, ખાટલી સરપંચ દિગ્વિજયસિંહ જાડેજા, યુવા આગેવાન વનરાજસિંહ ચોહાણ, ભાજપ ઉપપ્રમુખ અશોકસિંહ વાઘેલા, પદુભા જાડેજા સાતોદડ, માલધારી અગ્રણી લાલભાઈ ભરવાડ, યુવા અગ્રણી રાજદીપસિંહ ઝાલા, તેજપાલસિંહ ચૂડાસમા ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ સફળ બનાવવામાં કૃપા ગ્રુપના સુરેન્દ્રસિંહ વાળા (ભાનુભા) અને ગૌ સેવા સમિતિના પ્રમુખ ક્રિપાલસિંહ જાડેજા પીપરડીએ જહેમત ઉઠાવી હતી.

### નગરપાલિકા સાથે રાખી કમિટીની રચના કરવામાં આવી

# પોરબંદરમાં વરસાદી સમસ્યાઓ વચ્ચે યોજાશે પાંચ દિવસ જન્માષ્ટમીનો મેળો

## તારીખ ૨૫ ઓગસ્ટથી તારીખ ૨૯ ઓગસ્ટ સુધી જન્માષ્ટમીનાં લોકમેળાનું આયોજન

પોરબંદર, તા. ૩૧

જન્માષ્ટમી નજીક આવી રહી છે. ત્યારે પોરબંદર પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને જન્માષ્ટમી મેળા અંગે મીટીંગ યોજાઈ હતી. પોરબંદર છાયા સંયુકત નગરપાલિકા સાથે રાખી કમિટીની રચના કરવામાં આવી છે. જેમાં ગાંધીજીની જન્મભૂમિ પોરબંદર ચોપાટી મેદાન ખાતે આગામી તારીખ ૨૫ ઓગસ્ટથી તારીખ ૨૯ ઓગસ્ટ સુધી પાંચ દિવસ જન્માષ્ટમી લોકમેળાનું આયોજન અંગે જાહેર કરવામાં આવ્યું છે.હાલ ચોમાસાની ઋતુ ચાલી રહી છે. ત્યારે ગત તારીખ ૧૮ જુલાઈથી ૨૫ જુલાઈ સુધી પોરબંદર શહેરમાં વરસાદે કહેર વર્તવ્ય હતો. અંદાજિત ૪૦ ઈંચ જેટલો વરસાદ અત્યાર સુધીમાં પોરબંદરમાં પડ્યો છે. ત્યારે અનેક વિસ્તારોમાં પાણી ઘૂસ્યા હતા. અને અનેક પરિવારોની પરિસ્થિતિ ખૂબ જ મુશ્કેલીમાં છે. માંડ માંડ આ પરિસ્થિતિમાંથી બહાર આવે ત્યારે પોરબંદર જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ પ્રાંત અધિકારીના અધ્યક્ષતામાં એક મીટીંગ યોજાઈ હતી જેમાં આગામી તારીખ ૨૫ ઓગસ્ટથી તારીખ ૨૯ ઓગસ્ટ સુધી પાંચ દિવસ જન્માષ્ટમી લોકમેળાનું આયોજન જાહેર કરવામાં આવ્યું છે. ચોપાટી ગ્રાઉન્ડ ખાતે આ યોજાના છે ત્યારે મેળા કમિટીમાં પોરબંદર છાયા સંયુક્ત નગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહી લોકોને ભારે હાલાકી ન થાય અને શાંતિથી મેળો માણી શકે તે માટે યોગ્ય નિર્ણય કરવામાં આવશે.

પ્રાંત અધિકારી સંદીપ જાદવના જણાવ્યા અનુસાર, જિલ્લા કલેકટર કેડી લાખાણીના માર્ગદર્શન હેઠળ પ્રાંત અધિકારીને જવાબદારી સોંપવામાં આવી છે અને પ્રાંત અધિકારીની અધ્યક્ષતા હેઠળ એક કમિટી રચવામાં આવી છે જે મેળાનું સંપૂર્ણ સંચાલન કરશે અને આ મેળામાં રાજકોટની આગની ઘટનાને ધ્યાને લઈ સેફટી સિક્યુરિટી અને લોએન ઓર્ડરનું ખાસ ધ્યાન રાખવામાં આવશે આ ઉપરાંત વધુ ભીડ ના થાય તે માટે સ્ટોલની સંખ્યામાં પણ ઘટાડો કરવામાં આવી રહ્યો છે અને રસ્તાઓની પહોળાઈ ૫૦ થી ૧૦૦ ફૂટ રાખવામાં આવશે આ ઉપરાંત ઈમરજન્સી એક્ઝિટની પણ વ્યવસ્થા કરવામાં આવશે અને આખા ગ્રાઉન્ડમાં છ ગેટ છે જે લોકોની અવરજવર માટે તૂટતા છે આ ઉપરાંત ફાયર સેફટી માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવશે જ્યાં જ્યાં સ્ટોલ હોય છે ત્યાં આગ લાગવાની સંભાવના વધુ હોય છે ત્યારે ત્યાં ફાયર સેફટી સાધનો ઉપલબ્ધ રાખવામાં આવશે આ ઉપરાંત ફાઈનલ મેપ તૈયાર થઈ ગયા બાદ સ્ટોલ અને ચગડોળ ની હરાજી ની તૈયારી શરૂ કરવામાં આવશે. એક તરફ પોરબંદરમાં વરસાદે કહેર વરસાવ્યો છે. અનેક વિસ્તારોના ઘરોમાં હજુ સુધી પણ પાણી ભરાયા છે ત્યારે અનેક સામાન્ય પરિવારોની હાલત ખરાબ છે અને આર્થિક રીતે પણ નુકસાની થઈ રહ્યું છે. આવા સમયે મેળાનું આયોજન કરવું તે ઉચિત ન ગણતા અનેક લોકોએ પાર્ષનો કર્યા છે. સોશિયલ મીડિયામાં પણ મેળો રદ કરવા અને મેળાનું આયોજન ન કરવાના સૂચનો કરવામાં આવી રહ્યા છે. છતાં આ મેળાનું આયોજન થઈ રહ્યું છે ત્યારે હવે આ મેળો કયા પ્રકારે થશે તેને લઈને લોકોમાં અનેક ચર્ચા થઈ રહી છે.

# ગુજરાતના ૨૮ હજાર સ્વ-સહાય જૂથની ૩ લાખ મહિલાઓને ૩૫૦ કરોડની સહાય અપાશે

ગાંધીનગર, તા.૩૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યના ગ્રામીણ ક્ષેત્રોના સ્વ-સહાય જૂથ, સેલ્ફ હેલ્પ ગ્રુપની નારીશક્તિ સાથે આવતીકાલે ૩૧ જુલાઈએ “સખી સંવાદ” અંતર્ગત પ્રત્યક્ષ સંવાદનો સેતુ ગાંધીનગરના મહાત્મા મંદિરમાં આયોજિત કાર્યક્રમથી સાધશે.રાજ્યભરના આવા ૨૮ હજારથી વધુ સ્વ-સહાય જૂથની સભ્ય એવી ગ્રામીણ નારીશક્તિને કુલ ૩૫૦ કરોડ રૂપિયાના લાભ વિતરણ કરવા સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ ગ્રામીણ નારીશક્તિ સાથે વાતચીત પણ કરવાના છે.રાજ્ય સરકારે ગુજરાત લાઈવલી હૂડ પ્રમોશન કંપનીની સ્થાપના કરીને આવી બહેનોના સ્વ-સહાય જૂથોને રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન થકી રિવોલ્વિંગ ફંડ, કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ અને કેશ ક્રેડિટ તથા ટ્રેનીંગ અને કેપેસિટી બિલ્ડીંગની સુવિધા ઉપલબ્ધ કરાવી સફળતાનો રાહ ચિંધ્યો છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યની આવી સફળ ગ્રામીણ મહિલાશક્તિ સાથે સંવાદ કરીને તેમની સમસ્યાઓ પણ જાણશે તથા તેને દૂર કરવા માટેનું માર્ગદર્શન પૂરું પાડશે.

સ્વ-સહાય જૂથોની બહેનોને આજીવિકાલક્ષી પ્રવૃત્તિઓ સાથે જોડીને તેમને આર્થિક રીતે પગભર બનાવવા રાજ્ય સરકારે અનેક આયામો હાથ ધર્યા છે. સખી સંવાદ”ના આ અભિનવ પ્રયોગમાં સહભાગી થનારી ૩૩ જિલ્લાઓની બહેનો દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓના સ્ટોલ્સ પણ આ “સખી સંવાદ” કાર્યક્રમ સ્થળે રાખવામાં આવ્યા છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે આ કાર્યક્રમમાં મંત્રી રાઘવજીભાઈ પટેલ, રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિ તેમજ ગાંધીનગર જિલ્લાના ધારાસભ્યો, ગાંધીનગરના મેયર, જિલ્લા પંચાયત પ્રમુખ અને મુખ્ય સચિવ રાજકુમાર ખાસ ઉપસ્થિત રહેવાના છે.

# ૧૦૮ની અવિરત સેવા : રાજ્યમાં વરસાદી માહોલ વચ્ચે છેલ્લા ૨૯ દિવસમાં ૧ લાખ ૧૪ હજારથી વધુ દર્દીઓ માટે દેવદૂત સાબિત થતી ૧૦૮ એમ્બ્યુલન્સ





**અત્યાર સુધીમાં ૧.૬૨ કરોડ લોકોએ ૧૦૮ એમ્બ્યુલન્સની સેવાનો લાભ લીધો : રાજ્યમાં હાલ ૧૦૮ની ૮૦૦ એમ્બ્યુલન્સ દર્દીઓની સેવામાં રાત-દિવસ કાર્યરત : શહેર હોય કે ગામ, રાત હોય કે દિન, ટાઢ હોય કે તડકો આ સેવા શરૂઆતથી લઈને : અત્યાર સુધીમાં અગણિત લોકોને નવજીવન આપી ચૂકી**

(પ્રતિનીધિ દ્વારા)

ગાંધીનગર તા.૩૧

૧૦૮ના કર્મીઓની સમયસરની સેવાના કારણે અત્યાર સુધીમાં ગંભીર પરિસ્થિતિના ૧૫.૩૭ લાખથી વધુ લોકોના જીવ બચાવવાનું કાર્ય પણ થયું. ૧.૪૨ લાખથી વધુ મહિલાઓને સુખરૂપ પ્રસૂતિ પણ કરાવી હાલમાં અંદાજે ૪૦૦૦ હજારથી વધુ ૧૦૮ના કર્મીઓ સેવા આપી રહ્યા છે રોજના અંદાજે ૭૦૦૦થી ૭૫૦૦ જેટલા કોલ્સ લેવામાં આવે છે. મોતના મુખમાં ધકેલાઈ ગયેલા માણસને ફરી નવજીવન આપતી સંજીવની કદાચ માનવજાતિએ નથી જોઈ, પરંતુ આજના સમયમાં ગુજરાત સરકાર દ્વારા સંચાલિત ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાએ સંજીવની કરતા લગીરેય ઊણી ઊતરે એવી નથી. શહેર હોય કે ગામ, રાત હોય કે દિન, ટાઢ હોય કે તડકો આ સેવા શરૂઆતથી લઈને અત્યાર સુધીમાં અગણિત લોકોને નવજીવન આપી ચૂકી છે. અસંખ્ય લોકોના દુઃખી ચહેરા પર જીવન આશાનું કિરણ રેલાવી ચૂકી છે અને હજુય અહર્નિશપણે એ જ માનવ સેવા દાયિત્વ નિભાવી રહી છે. છેલ્લા ૨૯ દિવસથી રાજ્યભરમાં પડી રહેલા ભારે વરસાદની વચ્ચે પણ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની ઊડીને આંખે વળગે એવી કામગીરી જોવા મળી રહી છે. છેલ્લા ૨૯ દિવસમાં જ ૧ લાખ ૧૪ હજારથી વધુ દર્દીઓ માટે ૧૦૮ એમ્બ્યુલન્સ દેવદૂત સાબિત થઈ છે. ૧૦૮ના સ્ટાફે કર્તવ્યનિષ્ઠા એવી ઉત્તમ રીતે નિભાવી છે કે આજે પણ ગુજરાતના કોઈ પણ ખૂણે આરોગ્યની મુસીબતની પળોમાંથી પસાર થઈ રહેલા લોકોને સંકટની ઘડીએ જ્યારે ઘરના આંગણે તાબડતોડ ૧૦૮ આવીને ઊભી રહે છે ત્યારે રાહતનો અહેસાસ થાય છે અને દિલમાંથી શબ્દો નીકળે છે કે હાશ! ૧૦૮ આવી ગઇ, હવે વાંધો નહી આવે. ગુજરાતમાં આકસ્મિક પરિસ્થિતિમાં જીવાદોરી સમાન ૧૦૮ની સેવાથી રાજ્યના તમામ નાગરિકો વાકેફ છે. અકસ્માત, કુદરતી કે કૃત્રિમ આફતો વખતે માનવ જીવોના સંરક્ષણ માટે ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા ખૂબ ઝડપી અને સંજીવની સમાન મનાય છે. ગુજરાતમાં ૨૦૦૭માં તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ એમ્બ્યુલન્સ સેવા શરૂ કરી હતી. આ ૧૦૮ની નિઃશુલ્ક સેવા આજે રાજ્યમાં આપાતકાલિન સ્થિતિમાં સંજીવની સમાન ગણાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૮૦૦થી વધુ એમ્બ્યુલન્સ દર્દીઓની સેવામાં રાત-દિવસ કાર્યરત છે. આ ઉપરાંત બે બોટ એમ્બ્યુલન્સ અને એક એર એમ્બ્યુલન્સનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ૧૦૮ જીવીકે ઈએમઆરઆઈના ચીફ ઓપરેટિંગ ઓફિસર જશંવત પ્રજાપતિના જણાવ્યા અનુસાર ગુજરાતમાં હાલના સમયમાં સમગ્ર રાજ્યના તમામ ૨૫૭ તાલુકા, ૧૮ હજાર જેટલાં ગામો, ૩૩ જિલ્લાઓ અને મહાનગરો સહિત તમામ જગ્યાએ આ ૧૦૮ની સેવાનું માળખું ફેલાયેલુ છે. ગણતરીની મિનિટમાં ઘટનાસ્થળ પર પહોંચી ઈજાગ્રસ્ત, બીમાર કે ભોગ બનનાર વ્યક્તિ કે વ્યક્તિઓને પ્રાથમિક સારવાર પૂરી પાડવાનું કામ કરે છે. સગર્ભાઓને પ્રસૂતિ દરમિયાન ઝડપી ઘર સુધી પહોંચી મહિલાને હોસ્પિટલ સુધી પહોંચાડવાનું અને તેને પીડાવિહીન પ્રસૂતિ કરાવવામાં આ ૧૦૮ની સેવા ખૂબ મદદરૂપ બની છે. રાજ્યમાં ૧૦૮ની એમ્બ્યુલન્સ સેવા શરૂ થયાથી આજ સુધીમાં ૧.૬૨ કરોડથી વધુ લોકોએ આ ૧૦૮ એમ્બ્યુલન્સની સેવાનો લાભ લીધો છે. રાજ્યમાં ખૂબ ગંભીર પરિસ્થિતિમાં ૧૦૮ના કર્મીઓની સમયસરની સેવાના કારણે ૧૫.૩૭ લાખ લોકોના જીવ બચાવવાનું મહામૂલું કાર્ય પણ થયું છે, તો ૧.૪૨ લાખથી વધુ મહિલાઓને સુખરૂપ પ્રસૂતિ પણ કરાવી શકાઈ છે. હાલમાં અંદાજે ૪ હજારથી વધુ ૧૦૮ કર્મીઓ સેવા આપી રહ્યા છે. અદ્યતન સુવિધાઓ અને હાઈ ટેક્નોલોજીથી સજ્જ આ ૧૦૮ એમ્બ્યુલન્સ વાનના કારણે સમયસર કોલના સ્થળ પર પહોંચવામાં અને સતત મોનિટરિંગ કરવાના કારણે આ સેવા ખૂબ ઝડપી અને લોકોને પ્રાથમિક સારવાર આપવાથી માંડી તેને વધુ સારવાર અર્થે હોસ્પિટલ સુધી પહોંચાડવા સહિતની કામગીરી કરે છે. ૧૦૮ મોબાઈલ એમ્બ્યુલન્સ વાનમાં ખૂબ અદ્યતન ટેક્નોલોજીની વ્યવસ્થા, મેડિકલનાં સાધનો, દવાઓ, મશીનો અને વેન્ટિલેટર - ઓક્સિજન સહિતની સેવા અને ટ્રેનિંગબદ્ધ સ્ટાફ હોવાના કારણે પીડિત વ્યક્તિને તત્કાલિન સેવા મળી રહે છે. સમયસર સારવાર મળવાના કારણે વ્યક્તિનો જીવ પણ બચાવી શકાય છે. ટેક્નોસેવી વ્યવસ્થાથી સજ્જ આ સેવાને વધુ પ્રભાવશાળી બનાવવા માટે ૧૦૮ ગુજરાત મોબાઈલ એપ પણ તૈયાર કરવામાં આવી છે. આ સમગ્ર ૧૦૮ સેવાનું મોનિટરિંગ માટેનું ઈમરજન્સી મોનિટરિંગ એન્ડ રિસ્પોન્સ સેન્ટર, અમદાવાદથી સંચાલિત થાય છે, જ્યાં રોજના અંદાજે ૭૦૦૦થી ૭૫૦૦ જેટલા કોલ્સ લેવામાં આવે છે. ખરેખર, રાજ્યમાં આરોગ્યની સેવાને ખૂબ ઝડપી ઘર ઘર સુધી પહોંચાડવામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા પીડિતને નવજીવન બક્ષનાર દેવદૂત સમાન બની ગઈ છે. ઈમરજન્સીના કેસમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સર્વિસ સંજીવની સમાન સાબિત થઈ છે, જે રાજ્ય સરકારની એક મોટી સફળતા છે.

## વેરાવળમાં આશા વર્કર બહેનોએ ૧૫ મુદાઓનું નિરાકરણ લાવવાની માંગ સાથે રેલી કાઢી સુત્રોચ્ચાર પોકાર્યા





**૫૦૦થી વધુ બહેનોએ જીલ્લા સેવા સદન કચેરીમાં આક્રોશભેર સુત્રોચ્ચાર પોકાર્યા**

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૩૧

ગીર સોમનાથ જિલ્લા સેવા સદન કચેરી ખાતે ભારતીય મજદૂર સંઘના નેજા હેઠળ ૫૦૦ થી વધુ આશા વર્કર અને આશા ફેસેલિટર બહેનોએ આક્રોશભેર રેલીસ્વરૂપે ઉમટી પડી સુત્રોચ્ચાર પોકારી જુદા જુદા ૧૫ પડતર મુદાઓના નિરાકરણની માંગ સાથેનું આવેદનપત્ર જિલ્લા કલેક્ટરને પાઠવ્યુ હતુ. જિલ્લામાં ૧૫ હજાર જેટલી આશા વર્કર અને ફેસેલિટર બહેનો આરોગ્ય વિભાગમાં ફરજ બજાવે છે. આશા વર્કર બહેનોના કહેવા મુજબ છેલ્લા ૧૫ વર્ષ થી આશા બહેનોના પ્રશ્ન અધ્ધર તાલ છે જેનો સરકાર કોઈ ઉકેલ લાવતી નથી. જો આગામી એક માસમાં ઉકેલ નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી છે. બહેનોએ પાઠવેલ આવેદનપત્રમાં જણાવ્યા મુજબ રાજ્ય આશા કર્મચારી મહાસંઘ તરફથી વારંવાર રજૂઆત કરવા છતા સરકાર તરફથી યોગય નિર્ણય લઈ સમાધાન કરેલ નથી. આશા વર્કર અને આશા ફેસીલીટેર બહેનો સ્વાસ્થય વિભાગમાં મહત્વનું કામ કરે છે. તેમને સરકાર તરફથી સોંપવામાં આવેલા કામ નીચેલા સ્તર ગામડાની તથા રાહેરી વિસ્તારની તમામ માહિતી ભેગી કરી સરકારને સોંપવાનું કામ આશા વર્કર કરે છે. તેમ છતાં સરકાર તરફથી મળતું માનદવેતન અને સામાજિક સુરક્ષા મળતી નથી. વધુમાં (૧) PMJYનું ઈન્સટીવનું ચુકવણું આજ દિવસ સુધી કરવામાં આવ્યું નથી., (૨) આશા વર્કર અને આશા ફેસીલીટર બહેનોને દર માસના અંતે તમામ ચુકવણું સમયસર કરવામા આવે તો તેઓનો ઘર સંસાર આ મોંઘવારીમાં ચાલી શકે. (૩) દેશની તમામ આશા વર્કર બહેનોને ઓછામાં ઓછું ૧૮૦૦૦ અને આશા ફેસીલીટર બહેનો ૨૪૦૦૦ રૂપિયા દર મહિને વેતન ચૂકવવામાં આવે. (૪) આશા વર્કર અને આશા ફેસીલીટર બહેનોનું આકસ્મિક મૃત્યુ થાય તો તેમના પરિવારને ૧૦ લાખ રૂપિયા ચૂકવામાં આવે તેમજ તેના પરિવારને નોકરી આપવામાં આવે, (૫) આશા વર્કર અને આશા ફેસીલીટર બહેનોને સેવા નિવૃત્તિ ઉપર ૧૦ લાખ રૂપિયા ચૂકવામાં આવે તેવા ૧૫ મુદાઓનું નિરાકરણ લાવવા આશા બહેનોએ મુખ્યમંત્રી સમક્ષ પાઠવી ન્યાયની માંગ કરી છે. આશા બહેનોએ આ સાથે એવી પણ ચીમકી ઉચ્ચારી છે જો એક માસમાં માંગ નહીં સ્વીકારે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

## કોડીનાર નાગરિક સહકારી બેન્કની ૭૩મી વાર્ષિક સાધારણ સભા મળી

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૩૧

કોડીનાર નાગરિક સહકારી બેન્કની ૭૩ મી વાર્ષિક સાધારણ સભા કોડીનારના બ્રહ્મપુરી હોલ ખાતે મળી હતી. બેંકના ડાયરેક્ટર હરિભાઈ વિઠલાણીના અધ્યક્ષ સ્થાને મળેલી આ સાધારણ સભામાં મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં બેંક દ્વારા થયેલી વિકાસશીલ પ્રવૃત્તિનો ચિતાર રજૂ કરવામાં આવેલો હતો હાલ કોડીનાર નાગરિક સહકારી બેંકની કોડીનાર ઉપરાંત તાલાળા ખાતે બેન્કની શાખા કાર્યરત છે જે થાપણદારો અને ગ્રાહકોના બેંક તરફના વિશ્વાસને કારણે ટૂંક સમયમાં જ હવે ડોળાસા ખાતે બેંકની શાખા શરૂ કરવા જઈ રહ્યા હોવાનું હરિભાઈ વિઠલાણીએ જણાવ્યું હતું. આ ઉપરાંત બેન્કના ૧૮ થી ૭૫ વર્ષ સુધીના સભાસદોની ગ્રુપ પર્સનલ એકસીડન્ટ પોલીસી બેંક દ્વારા લેવામાં આવે છે જેના કારણે બેંકના સભાસદ અંજનાબેન ગોસ્વામીના આકસ્મિત નિધન થતા તેમના વારસદારોને રૂા.૪ લાખનું વળતર ચૂકવવામાં આવ્યું હતું. ચાલુ સાલે બેન્ક દ્વારા રૂપિયા ૨૨૫ લાખનો નફો કરતા સભાસદોને ૧૨% ડિવિડન્ડ ચૂકવવાની પણ જાહેરાત




કરવામાં આવી હતી. ઉપરાંત બેંક દ્વારા સોનાના દાગીના ધિરાણ કર્મચારીઓના પગાર ધિરાણ ઉપરાંત મકાન બાંધકામ લોન અને સભાસદને નવી કાર ખરીદવા માટે ૧૦%ના નજીવા દરે ઝડપી ધિરાણની સેવા આપવામાં આવતી હોય તેનો વિશેષ લાભ લેવા જણાવવામાં આવ્યું હતું. બેંકના જનરલ મેનેજર બીપીનભાઈ જાની તથા આસિસ્ટન્ટ મેનેજર સોરઠીયાભાઈએ બેંકની પ્રગતિનો અહેવાલ રજૂ કર્યો હતો. અંતમાં બેંકના ડાયરેક્ટર અશોકભાઈ ગંગદેવએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

### દ્વારકાના રૂપેણબંદરે અધિક જીલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ઉલાળ્યો


## દ્વારકાના રૂપેણ બંદરેથી સતત ત્રિજા દિવસે ખરાબ વાતાવરણમાં દરિયામાં જોખમી રીતે ૪૦ થી વધુ બોટો ગઈ

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૩૧

દ્વારકામાં મંગળવારના સવારથી જ ધાબળીયું વાતાવરણ હોય અને ઝરમરીયા વરસાદ વચ્ચે પણ દ્વારકાની રૂપેણ બંદરની બોટો ગેરકાયદેસર રિતે દરિયામાં જોવા મળી હતી. અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જુદા જુદા બંદરોએથી માછીમારી માટે માછીમારો સમુંદ્રમાં જાય છે. સમુંદ્રમાં ગયા પછી વાવાઝોડુ વરસાદ કે હવામાન અંગેની અન્ય આગાહીઓ સબંધે આવા સમુંદ્રમાં રહેલ માછીમારોને ચેતવણી પહોચાડવી શક્ય હોતી નથી તેમજ જુન માસથી દરિયો તોફાની થૈઈ જતો હોય માછીમારોને સામાન્ય રીતે જુન માસથી સમુંદ્રમાં માછીમારી માટે જવું વિશેષ જોખમકારક હોય મત્સયોધોગ ખાતું તથા પોર્ટ ઓફિસર દ્વારા માછીમારોને આવી સિઝનમાં સમુંદ્રમાં જવા માટે પરવાગી આપવામાં આવતી નથી. ૧/૬ થી ૩૧/૭ સુધી સમુંન્દ્રમાં કે કિક્ એરિયામાં જવા ઉપરનું જાહેરનામું હોવા છતા દ્વારકાના રૂપેણબંદરેથી જાહેરનામાંનો ઉલારીયો કરી દ્વારકાના રૂપેણ બંદરેથી સતત ત્રિજા દિવસે ખરાબ વાતાવરણમાં દરિયામાં જોખમી રીતે ૪૦થી વધુ બોટો ગઈ છે. આ અંગે ફિસરીઝ વિભાગને જાણ કરાતા તેઓએ દરિયામાં ગેરકાયદે જતી બોટોની ઓખા જિલ્લા એસપીને પણ જાણ કરાઈ હોવાનું જણાવ્યું હતું. સંબંધિત તંત્રની મીઠી નજર





હેઠળ ખરાબ વાતાવરણમાં દરિયામાં જતી બોટોમાં દરિયામાં અનિર્છીય બનાવ બનશે તો જવાબદાર કોણ એ સાવલો ઉઠયા છે. ઉલ્લેખીયન છેકે ત્રણ દિવસ થયા રૂપેણબંદરે ગેરકાયદેસર દરરોજ બોટો જાય છે. માત્ર દ્વારકા પોલીસ સ્ટેશને તાજેતરમાં પાંચ બોટ વિરૂધ્ધ જ ગુન્ના નોંધાયા હોવાતો જાણવા મળી છે ! હવે તંત્ર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવશે તે જોવાનું રહ્યું.

## વેરાવળ લોહાણા હોસ્પીટલમાં આર્થીક ગોટાળા બાબતે ચેરીટીએ વચગાળાનો મનાઈ હુકમ ફરમાવ્યો

**બની બેસેલા ટ્રસ્ટીઓને ઝટકો : કહેવાતા બંન્ને ટ્રસ્ટીઓ રેકર્ડ ઉપર ન હોવાનો ઘટસ્ફોટ : બંન્ને ઈસમોને કોઈપણ જાતની સહીઓ ન કરવા અને ટ્રસ્ટના નામે કોઈ કાર્યવાહી ન કરવા આદેશ કરાયો**









(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૩૧

વેરાવળ લોહાણા હોસ્પીટલ ટ્રસ્ટમાં બની બેઠેલા બે ટ્રસ્ટીઓએ આર્થીક ગોટાળા કર્યા હોવા અંગે સમાજના પુર્વ ઉપપ્રમુખએ કરેલ ફરીયાદ અનુસંધાને રાજકોટ સયુંકત ચેરીટી કમિશ્નરે કહેવાતા બંન્ને ટ્રસ્ટીઓએ પ્રાથમિક દ્રષ્ટિએ રેકર્ડ ઉપર ટ્રસ્ટી હોવનો કોઈ પુરાવો ના હોવાનું ઠેરવી આ ઈસમો ને ટ્રસ્ટી તરીકે ક્યાંય સહીઓ ન કરવી અને ટ્રસ્ટના નામે કોઈ કાર્યવાહી ન કરવા વચગાળાનો મનાઈ હુકમ આપ્યો છે. જેના પગલે લોહાણા સમાજ સહિત શહેરભરમાં ખળભળાટ મચી ગયો છે. આ ચકચારી પ્રકરણ અંગે વેરાવળ લોહાણા સમાજના પુર્વ ઉપપ્રમુખ રાકેશ દેવાણીએ રાજકોટ સયુંકત ચેરીટી કમિશ્નર કોર્ટમાં કરેલ ફરીયાદમાં જણાવ્યા મુજબ વેરાવળ મીઠીબાઈ લોહાણા સાર્વજનીક હોસ્પીટલ ટ્રસ્ટમાં ઘણા વર્ષોથી બની બેઠેલા ટ્રસ્ટીઓએ આર્થીક ગોટાળા કર્યા છે. જેમાં ઘણા સમયથી હોસ્પીટલ બંધ હોવા છતાં તેનો જર્જરીત ઈમલો વેંચી નાંખ્યો છે. આ ઉપરાંત ટ્રસ્ટની શહેરની મુખ્ય સટ્ટા બજારમાં આવેલી કિંમતી મિલ્કતમાં વર્ષો સુધી દેના બેંક બેસતી જેને ખાલી કરાવીને બની બેઠેલા ટ્રસ્ટી હરેશ કકકડ અને જનક સોમૈયાએ ત્યાં દુકાનો બનાવીને ગેરકાયદેસર રીતે લાખો રૂપીયાની પાઘડી લઈને ભાડે આપી દીધી હતી. આ પાઘડીની રકમમાંથી પ્રભાસપાટણ (હાલ સોમનાથ બાયપાસ) ઉપર મોટી જમીનની ખરીદી કરીને રૂ.૬૬.૧૦ લાખનું સાટાખત આર્થીક લાભ ખાતર કરેલ હતુ. આ બંન્ને ટ્રસ્ટીઓ ટ્રસ્ટના પીટીઆરના રેકર્ડમાં નોંધાયેલા નથી અને તેઓની ભુતકાળમાં કોઈએ નિમણુંક કરી ન હોવા છતાં ટ્રસ્ટનો આર્થીક લાભ લેવા ખાતર ગેરકાયદેસર વહીવટ કરી આર્થીક ગોટાળા કર્યા છે. જેથી આ લોકોએ કરેલ તમામ પ્રક્રીયા ગેરકાયદેસર અને ગેરબંધારણીય હોય ગુજરાત પબ્લીક ટ્રસ્ટની કલમો હેઠળ કાર્યવાહી કરવા માંગ છે. આ અરજી સંદર્ભે રાજકોટ ચેરીટી કમિશ્નરએ કરેલ આદેશમાં જણાવેલ કે, વેરાવળ લોહાણા હોસ્પીટલ ટ્રસ્ટમાં હરેશ કકકડ અને જનક સોમૈયા રેકર્ડ ઉપરના ટ્રસ્ટી હોય તેવો કોઈ પુરાવો નથી. જેથી બંન્નેએ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કોઈ જગ્યાએ સહી કરવી નહીં કે ટ્રસ્ટના નામે કોઈ કાર્યવાહી કરવી નહીં તેવો તા.૧૩-૮-૨૪ સુધીનો વચગાળાનો મનાઈ હુકમ આપવામાં આવે છે.

## ખંભાળિયાનો ઘી ડેમ ઓવરફ્લો થતા નવા નીરના વધામણા કરતા પાલિકાના સત્તાવાહકો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૧

ખંભાળિયા શહેરને પીવાનું પાણી પૂરૂ પાડતો ઘી ડેમ તાજેતરમાં ઓવરફ્લો થઈ જતા ગઈકાલે ખંભાળિયા નગરપાલિકાના હોદ્દેદારોએ



જળપૂજન કરી, નવા નીરને વધાવ્યા હતા. ખંભાળિયાના પાદરમાં આવેલો ૨૦ ફૂટનો ઘી ડેમ તાજેતરના ભારે વરસાદના કારણે થોડા દિવસો પૂર્વે છલકાઈ જતા ઓવરફ્લો થઈ ગયો છે. ત્યારે તાજેતરના મેઘ વિરામ વચ્ચે ગઈકાલે નગરપાલિકાના હોદ્દેદારો, સદસ્યો તથા ભાજપના કાર્યકરોએ ઘી ડેમની ખાસ મુલાકાત લીધી હતી. અહીં તેઓએ સંપૂર્ણપણે ભરાઈ ગયેલા ઘી ડેમમાં પુષ્પ, મીઠાઈ વડે પૂજન કર્યું હતું અને ઉપસ્થિત સૌના મોં મીઠા કરાવી ખુશી વ્યકત કરી હતી. જેમાં નગરપાલિકાના પ્રમુખ રચનાબેન મોહિતભાઈ મોટાણી, પી.એમ. ગઢવી, રેખાબેન ખેતિયા, રવિરાજસિંહ જાડેજા, જગુભાઈ રાયચુરા, મયુરભાઈ ધોરીયા, ઈન્દ્રજીતસિંહ પરમાર, હસમુખભાઈ ધોળકિયા, અજુભાઈ ગાગીયા, કિશોરભાઈ નકુમ, સહિતના કોર્પોરેટરો, કાર્યકરો સાથે જોડાયા હતા.

## ખંભાળિયામાં એનિમલ એમ્બ્યુલન્સ દ્વારા અકસ્માતગ્રસ્ત બળદને તાકીદની સારવાર અપાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

દ્વારકા જિલ્લાના ખંભાળિયા શહેરમાં નેશનલ હાઈવે ઉપર કોઈ અજાણ્યા વાહન ચાલકે એક બળદને અડફેટે લેતા આ બળદનો એક પગ કપાઈ ગયો હતો. આ અંગેની જાણ સ્થાનિક લોકો દ્વારા ૧૯૬૨ હેલ્પલાઈન ઉપર કરાતા તુરંત જ એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને ડોક્ટર રાજકુમાર અને પાયલોટ પરેશભાઈ દ્વારા આ બળદના પગ કપાઈ ગયેલા પગને અલગ કરી, જરૂરી દવાઓ અને ડ્રેસિંગ કરીને સારવાર આપવામાં આવી હતી. આ રીતે ૧૯૬૨ એમ્બ્યુલન્સ દ્વારા નાના મોટા ઓપરેશન અને જરૂરી સારવાર સ્થળ પર જ આપવામાં આવે છે. આ



કામગીરીને પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર મનોજ ચૌહાણ અને ઉચ્ચ અધિકારી ડો. મહમદ ખાન દ્વારા બિરદાવવામાં આવી હતી.

# જૂનાગઢમાં બે મહિલા તબીબો વિરૂધ્ધ ગંભીર બેદરકારી દાખવ્યાની ફરીયાદ




(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૩૧

જૂનાગઢમાં આવેલ હેલ્થ પ્લસ હોસ્પીટલના બે મહિલા ડોકટરો સહિત હોસ્પિટલના સંચાલકો વિરૂધ્ધ ગંભીર બેદરકારી દાખવ્યાની ફરીયાદ બી ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસ મથકે આકાશભાઈ અરજણભાઈ મૈયાત્રાએ ડૉ.ડાયના અજુડીયા, ડૉ.હેમાક્ષી કોટડીયા તેમજ હોસ્પિટલના સંચાલકો સહિતનાઓ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, હેલ્થ પ્લસ હોસ્પીટલ જૂનાગઢના ડૉ.ડાયના અજુડીયાએ ફરીયાદીની પત્ની હિરલબેન તથા સાહેદ ભરતભાઈ બાલસના પત્ની હર્ષીતાબેનનું સિઝીરીયન કરેલ અને આ સિઝીરીયન તથા સારવાર દરમ્યાન ગંભીર પ્રકારની બેદરકારી રાખવાના કારણે શરીરમાં ઈન્ફેક્શન થઈ ગયેલ જેના કારણે સમય જતા આ બંન્નેના મૃત્યુ થયેલ છે. તેમજ તૃપ્તીબેનના સિઝીરીયન તથા તેમની સારવાર દરમ્યાન ગંભીર બેદરકારી દાખવેલ જેના લીધે તેમની બંન્ને કિડનીઓ ફેઈલ થયેલ છે. અને હાલ અન્ય જગ્યાએ સારવાર શરૂ છે. તેમજ ડૉ.હેમાંક્ષી કોટડીયાએ મોનીકાબેનનું સીઝીરીયન તથા તેમની સારવારમાં ગંભીર બેદરકારી દાખવી જેના કારણે તેમની પણ બંન્ને કિડનીઓ ફેઈલ થઈ ગયેલ અને હાલ અન્ય જગ્યાએ સારવાર શરૂ છે. જેથી ફરીયાદીની પત્ની તથા અન્ય મહિલાઓની સિઝીરીયનની સારવારમાં હોસ્પીટલના સંચાલકોએ પણ ગંભીર બેદરકારી દાખવેલ હોય જેથી હોસ્પીટલના સંચાલકો તથા બંન્ને ડોકટરોએ કાયદેસરની મેડિકલ પ્રેક્ટીશમાં ગંભીર પ્રકારની બેદરકારી અને નિષ્કાળજી દાખવ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે બીએનએસ ક ૧૦૫, ૧૧૦, ૫૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ પીઆઈ એચ.પી.ગઢવીએ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ બનાવમાં છેલ્લા એક વર્ષ કરતા વધુ સમયથી આરોગ્ય વિભાગ દ્વારા તપાસ થઈ રહી હતી. અને બેદરકાર ડોકટરો સામે ફરીયાદ નોંધવા અને કાર્યવાહી કરવા રજુઆતો પણ થઈ હતી. ત્યારે છેક ગઈકાલે પીડીત પરીવાર દ્વારા બંને મહિલા ડોકટરો સામે પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવી છે.

# આજે જૂનાગઢ મનપાની વર્તમાન બોડીનો અંતિમ દિવસ

## આવતીકાલે કોંગ્રેસનાં વરીષ્ઠ નેતા હીરાભાઈ જોટવાનાં નેતૃત્વ હેઠળ 'હિસાબ દો, જવાબ દો'નાં નારા હેઠળ કમિશ્નરને આવેદનપત્ર આપવામાં આવશે

જૂનાગઢ તા. ૩૧

ભાજપ શાસિત જૂનાગઢ મહાનગરપાલીકાની વર્તમાન બોડીનો આજે અંતિમ દિવસ છે. આજે સાંજે ૬.૧૦ કલાકે વર્તમાન કોર્પોરેટરોની મુદતની પૂર્ણાહુતિ થઈ જશે. અને તે સાથે જ જૂનાગઢ મનપામાં વહીવટદાર શાસન આવી જશે. ત્યારે લોકોમાં એવી ચર્ચા અને અપેક્ષા છે કે વહીવટદારનાં શાસનમાં જૂનાગઢ શહેરની મુશ્કેલીઓ અને પ્રાણ પ્રશ્નો દૂર થશે. મનપાનાં વિદાય લઈ રહેલા કોર્પોરેટરો અને પદાધિકારીઓએ જે રીતે જૂનાગઢ શહેરની દુર્દશા કરી નાંખી છે તે જોતા વહીવટદારનાં શાસનમાં જૂનાગઢ શહેર આ દુર્દશામાંથી બહાર આવી શકશે કે કેમ? તે મુદો ટોક ઓફ ધી ટાઉન બન્યો છે. દરમ્યાનમાં બીજી તરફ કોંગ્રેસનાં વરીષ્ઠ આગેવાન અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં ઉપાધ્યક્ષ હીરાભાઈ જોટવા, જૂનાગઢનાં ભૂતપૂર્વ ધારાસભ્ય ભીખાભાઈ જોષી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં ઉપાધ્યક્ષ શહેનાજબેન બાબી, જૂનાગઢ જીલ્લા કોંગ્રેસનાં પ્રમુખ ભરતભાઈ અમીપરા તેમજ કોંગ્રેસનાં તમામ સેલનાં પ્રમુખો, હોદેદારો અને ચુંટાયેલા પ્રતિનિધિઓ આવતીકાલે ૧૦.૩૦ કલાકે કોંગ્રેસ ભવન ખાતે એકઠા થઈ ત્યાંથી જૂનાગઢ મનપાનાં કમિશ્નરને 'હિસાબ દો, જવાબ દો'નાં નારા સાથે આવેદનપત્ર આપશે જેમાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન જૂનાગઢ મનપાનાં સત્તાધિશો દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટ વાપરવાનો જે દાવો કરવામાં આવ્યો છે તેમાં છેલ્લા એક વર્ષમાં રૂા. ૧૫૬૦ કરોડની ગ્રાન્ટ વાપરવામાં આવી છે તે બાબતનો હિસાબ માંગશે. આટલી અઢળક ગ્રાન્ટ વાપરવામાં આવી છતાં જૂનાગઢ શહેરનાં રોડ, રસ્તા, ગટર, પીવાના પાણી તેમજ અન્ય આવશ્યક સુવિધાઓ બાબતે જૂનાગઢ શહેરની જનતા ભારે હાલાકી ભોગવી રહી છે ત્યારે વિદાય રહેલા સત્તાધિશોએ કોર્પોરેશનને મળેલી કરોડો રૂપિયાની ગ્રાન્ટ કયાં વેડફી નાંખી તેનો હિસાબ માંગવામાં આવશે તેમ જૂનાગઢ શહેર પ્રમુખ મનોજ જોષીએ એક યાદીમાં જણાવ્યું છે.

# વંથલીમાં પોલીસ સ્ટેશનમાં અરજી કરવાનાં મનદુઃખમાં મારામારી : સામસામી ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૩૧

વંથલી ખાતે રહેતા કમલેશભાઈ સીરૂમલભાઈ કુકરેજાએ હમીદભાઈ ઉર્ફે ટકો મહમદભાઈ ચૌહાણ સામે વંથલી પોલીસમાં ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં આરોપી હમીદે આ કામનાં ફરીયાદી કમલેશભાઈ વિરૂધ્ધ ફરીયાદ કરેલ જેમાં આ કામના ફરીયાદી કમલેશભાઈનું નિવેદન લેતા ફરીયાદીએ હકીત જણાવેલ કે ગત તા. ૨૯ જુલાઈનાં રોજ ફરીયાદી વંથલી શખર ભવન પાસે કમલેશભાઈ દુબેની દુકાને કામ સબબ ગયેલ ત્યારે આ કામનાં આરોપી હમીદ ઉર્ફે ટકો ફરીયાદી કમલેશભાઈ તથા સાહેદ કમલેશભાઈ દુબે પાસે આવેલ અને ફરીયાદી કમલેશભાઈને કહેલ કે ઓલી અરજીનું શું કરવાનું છે ? તમારે પતાવવું હોય તો કહો જેથી ફરીયાદી કમલેશભાઈ તથા સાહેદ કમલેશભાઈએ કહેલ કે ભાઈ અમારે કંઈ પતાવવું નથી તો આ કામના આરોપી હમીદ સાહેદ કમલેશભાઈ દુબે બાજુ જોઈન કહેવા લાગેલ કે અગાઉ તારા ભાઈઓ મારા ઉપર ફરીયાદ કરેલ ત્યારે મારે હાઈકોર્ટમાં જામીનનો રૂા. ૫૦ હજારનો ખર્ચ થયેલ તે તારે આપવો પડશે તો ફરીયાદી કમલેશભાઈએ આરોપી હમીદભાઈને ના પાડતાં હમીદભાઈએ કહેલ કે તું તૈયારીમાં રે જે તે કોની સાથે શીંગડા ભરાવ્યા છે એની તને ખબર નથી. હું એક છોકરી ઉભી કરીને તને બળાત્કારના કેસમાં ફીટ કરી દઈશ અને પોતાની જાતને ઈજા કરીને ૩૦૭ લેવડાવીને તને ફીટ કરતા પણ આવડે છે હવે તું જોજે મારો ખેલ એમ કહી ફરીયાદી કમલેશભાઈને આ કામના આરોપી હમીદભાઈએ ભયમાં મુકી રૂા. ૫૦ હજાર કઢાવવાની બળજબરી પૂર્વક માંગણી કર્યાનું ફરીયાદમાં જણાવેલ છે. આ ફરીયાદ પરથી વંથલી પોલીસે બીએનએસ ક. ૩૦૮ (૬) મુજબ ગુનો નોંધી વંથલીનાં પીએસઆઈ વાય.બી. રાણાએ વધુ તપાસ હાથ ધરી છે.

જયારે સામાપક્ષે હમીદભાઈ ઉર્ફે ટકો મહમદભાઈ ચૌહાણે કમલેશભાઈ કુકરેજા સામે વંથલી પોલીસમાં ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં ફરીયાદીએ આ કામના આરોપી વિરૂધ્ધ વંથલી પોલીસ સ્ટેશનમાં અરજી કરેલ હોય જે બાબતનું આ કામનાં આરોપીએ મનદુઃખ રાખી ફરીયાદીનાં બંને હાથમાં કંઈક ધારદાર વસ્તુ મારી ઈજા કર્યાનું ફરીયાદમાં જણાવેલ છે.

### મેંદરડાનાં ચીરોડામાં પરણીતાને દુઃખ ત્રાસ આપ્યાની ફરીયાદ

મેંદરડા તાલુકાનાં ચીરોડા ગામની ચેનાબેન હિરેનભાઈ મકવાણાએ તેનાં સાસરીયા પતિ હિરેનભાઈ મકવાણા, સસરા રવજીભાઈ મુળજીભાઈ મકવાણા, સાસુ નયનાબેન રવનજીભાઈ મકવાણા, દિયર હાર્દિકભાઈ રવજીભાઈ મકવણા સામે મેંદરડા પોલીસમાં ફરીયાદ નોંધાવતા જણાવેલ છે કે સાસરીયાઓએ અવાર નવાર કામકાજ બાબતે, રસોઈ બાબતે મેણાટોણા મારી મુંઢ માર મારી શારીરીક માનસીક ત્રાસ આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ-વંથલી નવા બાયપાસ પર વાહન હડફેટે ૩ ગાયોનાં મોતથી જીવદયાપ્રેમીઓમાં અરેરાટી



જૂનાગઢ તા. ૩૧

જૂનાગઢ-વંથલી નવા બાયપાસ ખાતે કોઈ અજાણ્યા ટ્રક ચાલકે ગાયોને હડફેટે લેતા ૩ ગાયોનાં મોત થયા છે. ૩ ગાયોનાં મોતનાં પગલે જીવદયાપ્રેમીઓમાં આઘાતની લાગણી વ્યાપી ગઈ છે. આ અંગે સ્થાનિકવાસી જૈન સંઘ જૂનાગઢનાં પ્રમુખ હિતેશ સંઘવી અને જીવદયા ચેરીટેબલ ટ્રસ્ટનાં પ્રમુખ કેતન દોશીએ એક નિવેદન દ્વારા એવી વિનંતી કરી છે કે ગાયોનાં મૃત્યુ માટે જવાબદાર વાહનની તત્કાલ ઓળખ કરીને ચાલકની ધરપકડ કરવામાં આવે. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ જૂનાગઢ શહેર નજીક ચોબારી ફાટક ખાતે રેલ્વે ટ્રેક પર આવી જવાથી ૬ ગાયોના કપાઈ જવાથી કરૂણ મૃત્યું નિપજયા હતાં. જે બનાવની શાહી સુકાઈ નથી ત્યાં જ ટ્રક હડફેટે વધુ ૩ ગાયોનાં મોત થતાં જીવદયાપ્રેમીઓમાં અરેરાટી વ્યાપી ગઈ છે. ગાયોનાં આકસ્મીક મૃત્યુ માટે જવાબદાર લોકો સામે તત્કાલ કાર્યવાહી કરવા માંગણી કરવામાં આવી છે. થોડા દિવસ પહેલા રેલ્વે ટ્રેક પર સિંહનું મૃત્યુ થવાનો બનાવ બન્યો હતો. જે બનાવમાં વન વિભાગે તત્કાલીક અસરથી એક ફોરેસ્ટરને સસ્પેન્ડ કરેલ છે ત્યારે આ બનાવમાં પણ આ પ્રકારની કાર્યવાહી થશે કે નહી ? તેવો સવાલ ઉઠી રહયો છે.

# મેંદરડાના સાતવડલા ખાતે પાડોશીઓ બાખડયા : સામસામી ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૩૧

મેંદરડાના સાતવડલા વિસ્તારમાં મારામારની સામસામી ફરીયાદ મેંદરડા પોલીસમાં નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર મેંદરડા પોલીસ મથકે સાયરાબેન બળદેવભાઈ ગોહેલએ વિજયભાઈ કાળાભાઈ જાદવ, નિકીતાબેનવિજયભાઈ જાદવ, રમેશભાઈ કાળાભાઈ જાદવ, નાથાભાઈ કાળાભાઈ જાદવ, કાળાભાઈ લાખાભાઈ જાદવ, લાભુબેન કાળાભાઈ જાદવ, હિનાબેન નાથાભાઈ જાદવ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીના પાડોશમા રહેતા વિજયભાઈ ફરીયાદીના પતિનુ નામ લઈ જાહેરમા ભુંડી ગાળો બોલતા હોય જેથી ફરીયાદી તથા તેમના સાસુએ ગાળો બોલવાનીના પાડતા આરોપીઓએ આવી ફરીયાદીને મુઢમાર મારી તથા વિજયભાઈ જાદવે ફરીયાદીના સાસુના ડાબા હાથના અંગુઠા પાસેની આંગળીમા બચકુ ભરી લોહી કાઢી જતા રહેલ બાદમાં આરોપીઓએ ફરીથી આવી ફરીયાદીને દારૂ કેમ વહેચો છો અને અમને કેમ દબાવો છો તેમ કહી ફરી.ના પતિને પાવડાનો મુંઢ ધા મારી તથા ફરી.ના ભાણેજ પ્રિન્સ વચ્ચે છોડાવવા પડતા તેને પણ મુંઢ ધા માર્યાની ફરીયાદ નોંધાવેલ જયારે સામાપક્ષે નરેશભાઈ ઉર્ફે વિજય જાદવએ બળદેવભાઈ મનુભાઈ ગોહેલ, સાયરાબેન બળદેવભાઈ ગોહેલ, પ્રીન્સ ઉર્ફે ભાણો, મનસુખભાઈ, સોમીબેન મનસુખભાઈ, બીપીન મનસુખભાઈ, હીરલ બીપીનભાઈ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી ના પાડોશમા રહેતા બળદેવભાઈ, સાયરાબેન અને પ્રિન્સ ઉર્ફે ભાણોએ ફરીયાદીને જાહેરમા ભુંડી ગાળો કાઢી તુ અમારા વીરૂધ્ધમા પોલીસમા દારૂ વેચવાની બાતમી આપે છે તેમ કહી ફરી.ને ઢીકા પાટુનો માર મારી તે બાદ તે જતા રહેલ અને તે બાદમાં બાકીના આરોપીઓએ આવી ફરીયાદીને ભુંડી ગાળો ફરીયાદી તથા ફરીયાદીના પત્નીને મારમારતા આ ઝગડાના કારણે ફરીયાદીને લાગી આવતા પોતાની રીતે ફીનાઈલ પી લીધા અંગેની ફરીયાદ નોંધાવતા મેંદરડા પોલીસે બંને પક્ષે ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢના ગાંધી ચોક નજીકથી રીક્ષાની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર) જૂનાગઢ તા.૩૧

જૂનાગઢના ગાંધી ચોક નજીક આવેલ સન્માન પ્લાઝા એપાર્ટમેન્ટ પાસે રાખેલ રીક્ષા કોઈ અજાણ્યો શખ્સ ચોરી ગયાની ફરીયાદ બી ડીવીઝન પોલીસમાં નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસ મથકે જુસબભાઈ નુરમહમદભાઈ ગંભીરે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી પોતાની રીક્ષા નં.જીજે-૧૧-વાય-૧૪૩૭વાળી ગાંધી ચોક નજીક સન્માન પ્લાઝા એપાર્ટમેન્ટની સામે ગ્રાઉન્ડમાં રાખી ઘરે જમવા ગયેલ દરમ્યાન કોઈ અજાણ્યા શખ્સ રીક્ષા ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢના વડાલ ગામેથી જાહેરમાં જુગાર રમતા ૬ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૩૧

જૂનાગઢ તાલુકા પોલીસે વડાલ ગામે રાધાવાડી પ્લોટ વિસ્તાર નજીક જાહેરમાં રોન પોલીસ નામનો જુગાર રમતા સંજય ઉર્ફે બાલો માવજી બાબરીયા, મહેશ ઉર્ફે બાપુ કનુભાઈ દુધરેજીયા, ભાવેશભાઈ હરસુખભાઈ પરમાર, લલીતભાઈ વેજાભાઈ ડાભી, નારણભાઈ અમરાભાઈ હરણ, નવનીતભાઈ સાગરભાઈ દોમડીયાને રૂા.૧૬૬૩૦ના મુદામાલ સાથે ઝડપી લીધેલ છે.

